જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૨૨-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

ઈસ્ટરની ઉજવણી વખતે ખુશીનો માહોલ માતમમાં ફેરવાયો

શ્રીલંકા આઠ સિરીયલ બ્લાસ્ટથી રક્તરંજિત: ૧૯૦ના મોત, ૫૦૦ ઘાયલ





કોલંબો

શ્રીલંકામાં એક પછી એક છ બ્લાસ્ટ બાદ વધુ બીજા બે બ્લાસ્ટ થતાં કુલ આઠ બ્લાસ્ટ થયા છે. સ્થાનિક સમય પ્રમાણે આજે વહેલી સવારે શ્રીલંકાના ૩ ચર્ચ અને ૩ હોટલોમાં જબરદસ્ત બોમ્બ બ્લાસ્ટ થયા છે. ત્યારે થોડીકવાર પહેલાં આવેલા સમાચાર પ્રમાણે વધુ બે બ્લાસ્ટ થયા છે, તેમાંથી એક દેહીવાલા શહેરમાં થયો છે. આ ખતરનાર બ્લાસ્ટમાં ૧૯૦ લોકોના દર્દનાક મોત થયા છે જ્યારે ૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃત્યુપામનાર લોકોમાં ૩૫ વિદેશી વ્યક્તિઓ હોવાનું જાણવા મળે છે. બોમ્બ બ્લાસ્ટના સ્થળો પર ક્ષત-વિક્ષત હાલતમાં મૃતદેહો જોવા મળી રહ્યા છે. પોલીસે કહ્યું કે કોલંબોમાં સેન્ટ એન્થની ચર્ચ, નૌગોંબોમાં સેન્ટ સેબેસ્ટિયન ચર્ચ અને બટ્ટિકલોબામાં એક ચર્ચને નિશાન બનાવ્યું. આ સિવાય હોટલ શાંગ્રી-લા, સિનામેન ગ્રાન્ડ અને કિંગ્સબરીમાં પણ બ્લાસ્ટ થયા છે. આજે ઈસ્ટર તહેવાર હોવાથી ખ્રિસ્તી લોકો ચર્ચમાં મોટી સંખ્યામાં સમૂહ પ્રાર્થના માટે એકત્ર થયા હતા.

સીરીયલ બ્લાસ્ટથી શ્રીલંકા ધણધણી ગયું છે. આખા દેશમાં હાઇ એલર્ટ જાહેર કરી દેવાયો છે. એરપોર્ટ પર સુરક્ષા વધારી દીધી છે. લિટ્ટે સંકટ બાદ શ્રીલંકાના રાષ્ટ્રપતિ એ ધડાકા પર શોક વ્યકત કરતાં લોકોને શાંતિ બનાવી રાખવા અપીલ કરી છે. રાજધાની કોલંબોમાં થયેલા હુમલાને જોતા આવનારા બે દિવસ સુધી તમામ સરકારી શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. શ્રીલંકાના શિક્ષણમંત્રીએ તમામ શાળાઓમાં રજાની જાહેરાત કરી હતી.

અત્યાર સુધી કોઈ પણ આતંકી સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી. જો કે માનવામાં આવી રહ્યું છે કે છેલ્લા ઘણા સમયમાં ઈસ્લામિક સ્ટેટે દેશમાં ગઢ બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. ગત વર્ષે શ્રીલંકામાં બૌદ્ધ સિંહલા અને મુસ્લિમ સમુદાય વચ્ચે ટકરાવની ઘણી ઘટનાઓ સામે આવી હતી. માર્ચ, ૨૦૧૮માં સરકારે આ જ કારણે ઈમજન્સી જાહેર કરી હતી.

બેટ્ટીકેલોઆ શહેરના એક ચર્ચમાં, કોલંબોના કોચ્છીકાડે વિસ્તારના સેન્ટ એન્થનીઝ ચર્ચમાં અને કાતુવાપીતીયાના સેન્ટ સેબેસ્ટીયન ચર્ચમાં ધડાકો થયો હતો. આ હુમલાઓમાં ૫૦૦થી વધારે લોકો ઘાયલ થયા છે.

દેશની મુખ્ય પોલીસે વિસ્ફોટના ૧૦ દિવસ અગાઉ જ હુમલાનું એલર્ટ આપ્યું હતું. મુખ્ય પોલીસ અધિકારી પુજુત જયસુંદરાએ ૧૧ એપ્રિલે ચેતવણી આપતા કહ્યું હતું કે, એક વિદેશી ગુપ્ત એજન્સીએ કહ્યું હતું કે, નેશનલ થોહીથ જમાત દેશના મુખ્ય ચર્ચ અને કોલંબોના ભારતીય હાઈકમિશન પર આત્મઘાતી હુમલાનું ષડયંત્ર રચી રહ્યો છે. આ ઉપરાંત સોશયલ મીડિયા પર પણ હાલની પરિસ્થિતીને જોતા પ્રતિબંધ લગાવી દીધો છે. સુરક્ષા અધિકારીઓને શંકા છે કે આત્મઘાતી હુમલાખોરો દ્વારા બે ચર્ચમાં વિસ્ફોટ કરવામાં આવ્યો હતો.

એનટીજે શ્રીલંકાના કટ્ટરપંથી મુસ્લિમ સંગઠન છે. આ સંગઠન ગત વર્ષે બુદ્ધની મૂર્તિઓ તોડવાને કારણે ચર્ચામાં આવ્યું હતું. શ્રીલંકાના વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘે પરિસ્થિતીની જાણકારી મેળવવા માટે મિટિંગ બોલાવી હતી. નાણામંત્રી મંગલા સમરવીરાએ ટ્વીટ કર્યુ કે, એવું લાગે છે કે હત્યા, અફરાતફરી અને અરાજકતા ફેલાવવા માટે આ હુમલાને અંજામ આપવામાં આવ્યો છે.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

વડાપ્રધાને પાટણમાં જંગી જનસભા સંબોધી, કોંગ્રેસ પર પ્રહારો કર્યા

મને ખુરશીની પરવાહ નથી, હું રહીશ કાં તો આતંકવાદ રહેશે: મોદી

કોંગ્રેસે ૪૦ વર્ષમાં દેશની દુર્દશા કરી નાંખી, આ ચા વાળાએ પાંચ વર્ષમાં દેશને વિશ્વની છઠ્ઠી મોટી મહાસત્તા બનાવી, નોટ પર એક બાજુ ગાંધી અને બીજી બાજુ રાનકી વાવ જોવે છે

પાટણ

વડાપ્રધાને આજે સવારે પાટણમાં વિજય સંકલ્પ રેલીને સંબોધી હતી. ઉત્તર ગુજરાતની ત્રણ મહત્વની લોકસભા બેઠક પૈકીની પાટણ બનાસકાંઠા અને મહેસાણા માટે વડાપ્રધાને પ્રચાર કર્યો હતો. અહીં તેમણે મહાકાળી અને પંચમુખી હનુમાનની ધરતીને વંદન કરીને ભાષણની શરૂઆત કરી હતી. તેમણે પાટણની ધરતીના વખાણ કરતા કહ્યું હતું કે, પાટણમાં પગ મુકતા ગુજરાતની અસ્મિતાનું પૃષ્ઠ ખુલવા માંડે છે. પાટણની ધરતીએ ૬૦૦ વર્ષ સુધી ગુજરાતનું સંચાલન કર્યું. પાટણ સાથે મારો નીકટનો નાતો રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, 'નોટ પર એક બાજુ ગાંધી અને બીજી બાજુ રાનકી વાવ જોવે છે'. પણ જો ગુજરાતમાં ૨૬માંથી એક સીટ પણ ઓછી થઈ તો દેશની ચર્ચા નહીં થાય. માત્ર ગુજરાતની જ ચર્ચા થશે. મીડિયામાં ગુજરાતની ચર્ચા જ થશે કે આવુ કેમ થયું. ભૂતકાળને વાગોળતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, સરકારનો 'સ' ખબર નહોતી ત્યારે મુખ્યમંત્રી પદના શપથ લીધા હતાં. પણ જીવનમાં તમે મને ટીપી ટીપીને ઘડ્યો છે. છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડવાનું શિક્ષણ અહીંથી મળ્યું. આતંકવાદ મામલે કોંગ્રેસને આડેહાથ લેતા કહ્યું હતું કે, ૪૦ વર્ષ આતંકવાદે હિન્દુસ્તાનના લોકોના આંસુ નથી સુકાવા દિધા. મંદિર બહાર પોલીસ મુકવી પડે તેવી કોઈ કલ્પના પણ ન કરી શકે. હવે કહો કે આ આતંકવાદને કોણે પાળ્યો? છાશવારે બોમ્બ ધડાકા થતા હતા કે નહીં? મુંબઈમાં ૨૬/૧૧ સમયે સરકારે મૌન પાળી શ્રદ્ધાંજલિ જ આપી હતી.



BULK WATSAAP
Marketed by MARKET4U - 7575006846-47

પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ

radhe furnishing

સોફા અને પડદાનાં કાપડ પર 20% થી 30% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

- સોફાનું કાપડ - યુ ફોમ / મેટ્રેસીસ - પીવીસી ફ્લોરીંગ - રોલર / રોમન - ગ્લાસ ફીલ્મ, વુડ ફીલ્મ
- પડદાનું કાપડ - સોફા - વુડન ફ્લોરીંગ - આર્ટીફીશીયલ ગ્રાસ - મચ્છરજાળી
- વોલપેપર - વુડન ફ્લોરીંગ - ગ્લાસ ડેકોરેટીવ - બેડશીટ - સોફા ક્લીનલીન



વોલપેપર અને મેટ્રેસની વિશાળ રેન્જ ઉપલબ્ધ

refresh DECOR HOME BAJAJ FINSERV 0% PROCESSIG CHARGE 0% INTEREST

દરેક પ્રકારના ક્વોલિટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ

• કસ્ટમાઈઝ વોલપેપર • કસ્ટમાઈઝ 3D ફ્લોરીંગ • કસ્ટમાઈઝ સીલીંગ • કસ્ટમાઈઝ સ્ટેઈર
• કસ્ટમાઈઝ રોલર બ્લાઈન્ડ • કસ્ટમાઈઝ ડરટેઈન • કસ્ટમાઈઝ ગ્લાસ અને ડોર • કેનવાસ પર ડીજીટલ પ્રિન્ટ



''રાજ વિકટોરીયા'' પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 98987 18873 / 97734 32817 E-mail : radhefurnishing.surat@gmail.com

BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

મૈનપુરીમાં બસ રોડ પર ઉભેલા ટ્રક સાથે અથડાઈ હતી

આગ્રા-લખનૌ એક્સપ્રેસ-વે પર બસ દુર્ઘટનામાં સાતના મોત: ૩૪ ઘાયલ

લખનૌ

ઉત્તર પ્રદેશમાં આગ્રા-લખનૌ એક્સપ્રેસ-વે પર ટ્રક અને બસની વચ્ચે ભયાવહ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૭ લોકોના મોત થયા છે અને લગભગ ૩૪ લોકો ઘવાયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે સ્થાનિક લોકોની સાથે મદદથી રાહત-બચાવની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત એહવાલ મુજબ મૃતકોની સંખ્યા વધી શકે છે.

પ્રાપ્ત માહિતી મુજબ શનિવારે મોડી રાત્રે આગ્રા-લખનૌ એક્સપ્રેસ-વે પર મૈનપુરી પાસે પૂર ઝડપે આવી રહેલી એક બસ રોડ પર ઉભેલા ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. આ બસ દિલ્હીથી વારાણસી જઈ રહી હતી. આ દુર્ઘટનામાં ડ્રાઈવર સહિત સાત લોકોના ઘટનાસ્થળ પર જ મોત થઈ ગયા હતા. કરહલ પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર રાકેશ પાંડેએ જણાવ્યું હતું કે, બસને કાપીને મૃતદેહને બહાર કાઢવામાં આવી રહ્યા છે. મૃતકોમાં એક બાળકી પણ સામેલ છે. તમામ મૃતદેહને પીએમ માટે મોકલવામાં આવ્યા છે.

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર

જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર

અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે ક્યાંય નહીં

સંપર્ક
મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)
ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફ્રિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

સુરેન્દ્રનગર ખાતે 'રાવળદેવ સમાજ'ના વિશાળ સંમેલનમાં ભાજપને જીતાડવા સંકલ્પ લીધો



ન્યુઝ વિરમગામ
તસવીર- વંદના નીલકંઠ વાસુકિયા

સુરેન્દ્રનગર લોકસભા મત વિસ્તારમાં આવતા 'રાવળદેવ સમાજ'નું વિશાળ સંમેલન સુરેન્દ્રનગર ખાતે યોજાયું હતું. 'રાવળદેવ સમાજ'ના સંમેલનમાં ધારાસભ્ય ધનજીભાઈ પટેલ, ચન્દ્રશેખરભાઈ દવે સહીતના ભાજપના નેતાઓ અને સંત શ્રી ધર્મદાસજી બાપુ, શ્રી અમૃતદાસજી બાપુ, સહીતના જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લા ઉપરાંત વિરમગામ પંથકના 'રાવળદેવ સમાજ'ના ભાઈ, બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ડૉ.મહેન્દ્ર મુંજપુરાને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે હાકલ કરી હતી. 'રાવળદેવ સમાજ'ના આયોજિત સંમેલનમાં ભારતીય જનતા પાર્ટી ને લોકસભાની ચુંટણીમાં વિજયી બનાવવા માટે સંકલ્પ લેવડાવવામા આવ્યો હતો.

ભાજપ લોકસભા ઉમેદવાર વિનોદ ચાવડાનો ગાંધીધામ-ભુજ મધ્યે બુધ્ધિજીવી વર્ગ સાથે સંમેલન



ખુલ્લી પારદર્શી પ્રણાલીઓ આધારિત સરકાર જન હિતેષી સુશાસન, આધુનિક ભારત માટે, ફલતી ફૂલતી, કૃષિ, કાર્યશીલ યુવા- મહિલાઓની ભાગીદારી, વૈશ્વિક પ્રતિ સ્પર્ધી અર્થ વ્યવસ્થા માટે મતદાન અવશ્ય કરો. આપનો એક મત અમુલ્ય છે. એક ભારત-શ્રેષ્ઠ ભારત માટે ભાજપા સંકલ્પબધ્ધ છે. દેશના વિકાશ માટે મોદીજી ને ફરી તક આપો જેથી તેમણે સેવેલા સપના, શરૂ થયેલ વિકાશ કાર્યોને વેગ મળે માટે 'કમળ'ને મત આપી ભાજપાને વિજયી બનાવવાની અપીલ ભાજપાના કચ્છ લોકસભા ઉમેદવાર શ્રી વિનોદ ચાવડાએ કરી હતી. ગાંધીધામ-આદિપુર રોજગાર નોકરી અર્થે વસવાટ કરનાર પર પ્રાંતિયો,શીખ સમુદાય, મલયાલમ સમાજ,વિવિધ સામાજિક સંગઠનો,સિંધી સમુદાયના અગ્રણીઓ સાથે બેઠકો યોજવામાં આવી હતી. રેલીનું આયોજન કરવામાં આવેલ તથા ઘણા શુભેચ્છકોએ આજે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.

ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી,ડો. ભાવેશ આચાર્ય, મોમાયા ગઢવી,પુનિત દૂધરેચિયા, સુરેશ શાહ,મધુકાન્ત શાહ, કુલદીપસિંહ વગેરેની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવેલ. જ્યારે વિરામ હોટલ ભુજ ખાતે કાર્યકર મિલન તેમજ ડોકટરઓ, વકીલો, એન્જીનિયરો તેમજ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો સાથે બૌધિક ચર્ચા માટે સમેલન યોજવામાં આવેલ.

રાપરમાં કચ્છ-મોરબી લોકસભા ભાજપના ઉમેદવારની ભવ્ય રેલીઃ લોક સંપર્ક



કચ્છ લોકસભા ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ રાપર શહેર મધ્યે બજાર વિસ્તારમાં ફરીને લોક સંપર્ક કર્યો હતો.દરિયા સ્થાન મંદિરે સંતશ્રી ત્રિકમ સાહેબના દર્શન કરી પ્રારંભ થયેલ ભવ્ય રોડ શો શહેરના વિવિધ વિસ્તારોમાં ફર્યો હતો. જ્યાં લોકો તરફથી અદભૂત આવકાર મળ્યો હતો.તેમની સાથે ટીવી શોના કલાકાર આયુષ્યમાન શાહને પણ લોકો તરફથી આવકાર મળ્યો હતો.

વિનોદભાઈ ચાવડા સાથે જી.પ. પ્રમુખ લક્ષ્મણસિંહજી સોઢા, કમાજી રાઠોડ,તા.પ. પ્રમુખ હરખીબેન વાઘાણી, ન.પા. પ્રમુખ ગંગાબેન શિયારીયા અંબાજી વાવીયા, ઉમેશભાઈ સોની, કરશન મંજેરી, ડોલર રાય ગોર, અનોપસિંહ વાઘેલા, મેહુલ જોશી, વેલજીભાઈ મોર, કેશુભાઈ વાઘેલા, હમીરજી સોઢા, હહુભા સોઢા, ઘનશ્યામ પૂજારા, રામજી સુરા, મોહનભાઈ બારડ, કુંભાભાઈ વગેરે સાથે જોડાયા હતા.

સુરેન્દ્રનગર લોકસભાના અપક્ષ ઉમેદવાર લાલજી મેર ના સમર્થન માં રાણપુરમાં જંગી જાહેર સભા યોજાઈ



કોળી સમાજના આગેવાન અને સુરેન્દ્રનગર લોકસભાના અપક્ષ ઉમેદવાર લાલજી મેર દ્વારા ભાજપ-કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરવામાં આવ્યા

સમગ્ર દેશ માં લોકસભા ની ચુંટણી ને લઈ ભાજપ અને કોંગ્રેસ ઉમેદવારો પોતાના પ્રચાર માં વ્યસ્ત છે.જેમ જેમ ગરમી નુ તાપમાન વધતુ જાય છે તેમ ચુંટણી પ્રચાર માં પણ ગરમીનો પારો ઉચો ચડતો જાય છે. સુરેન્દ્રનગર લોકસભા-૯ ની ચુંટણી નો જોરદાર પ્રચાર ચાલી રહ્યો છે જયા ભાજપ-કોગ્રેસ તથા અન્ય પાર્ટીઓ સહીત અનેક અપક્ષ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. જયારે કોળી સમાજના આગેવાન અને પુર્વ ધારાસભ્ય લાલજી મેર દ્વારા અપક્ષ માં ઉમેદવારી નોંધાવતા સુરેન્દ્રનગર લોકસભા-૯ ઉપર ખરાખરીનો ખેલ જોવા મળી રહ્યો છે. જેના લીધે આ બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ જામ્યો છે.ધંધુકા વિધાનસભા ના પુર્વ ધારાસભ્ય અને કોળી સમાજના આગેવાન લાલજી મેર દ્વારા અપક્ષ ઉમેદવાર તરીકે લડતા લાલજી મેર ના સરળ સ્વભાવ અને લોકોની વચ્ચે વધુ રહેતા હોય જેના કારણે સુરેન્દ્રનગર લોકસભા વિસ્તારમાં લાલજી મેર ને પ્રચંડ જનસમર્થન મળી રહ્યુ છે. ત્યારે લાલજી મેરના સમર્થન માં રાણપુર ખાતે મિલેટ્રી રોડ ઉપર રાણપુર તાલુકા કોળી સમાજના પ્રમુખ કેશાભાઈ પંચાળા ના ફાર્મ હાઉસ માં એક જંગી જાહેરસભા યોજાઈ હતી જેમાં રાણપુર તાલુકાના આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર માંથી આશરે ત્રણ હજાર કરતા વધુ લોકો હાજર રહ્યા હતા. મોટી સંખ્યા માં હાજર રહેલા લોકોએ અપક્ષ ઉમેદવાર લાલજી મેર ને જીતાડી દેવાનો કોલ આપ્યો હતો.અપક્ષ ઉમેદવાર ને જે રીતે જનસમર્થન મળી રહ્યુ છે ઠેર-ઠેર લોકો લાલજી મેર ને સમર્થન મળી રહ્યુ છે.

સાબરીયાને ભરી પીવા હળવદ-ધાંગધ્રાના મતદારો જ ભારે ઉત્સાહમાં : પ્રજાના દ્રોહી ને નહીં છોડવા મતદારોમાં ઉઠતો સુર

લોકસભાની ચૂંટણીઓ સાથે સાથે ગુજરાતની અમુક બેઠકોની વચગાળાની વિધાનસભાની ચૂંટણીઓની પણ જાહેરાત કરવામાં આવી છે. ત્યારે કોંગ્રેસમાંથી ભાજપમાં પક્ષ પલ્ટો કરી ગયેલા હળવદ ધાગ્રાધાં ના પૂર્વ ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા (પક્ષાપલટુ) ને ભાજપે પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે.

નાની સિંચાઈ યોજના હેઠળ આચરવામાં આવેલ કૌભાંડ નો મુદો વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન ના ઉઠાવવા બાબતે હળવદ ના ધારાસભ્ય રહી ચૂકેલા સાબરીયા એ ૪૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. અને જેના ભાગરૂપે આઠ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા હવે જે રૂપિયાની માગણી કરવામાં આવી હતી તેની ઓડિયો ક્લિપ બનાવી જે તે સમયે વાયરલ કરવામાં આવી હતી અને ગુનો નોંધાયો હતો જેના કારણે સાબરીયા ને ચાર મહિના જેટલો સમય જેલવાસ ભોગવવો પડ્યો હતો.

જેલવાસ માં હોવા છતાં સાબરીયાએ હિંમત નહોતી હારી પરંતુ જામીન મળતાં જ સાબરીયા ભાજપમાં ભળી ગયા હતા. અને અંદરખાને એવી ચર્ચા પણ ચાલી રહી હતી કે સાબરીયા ની સામે જે કેસ કરવામાં આવ્યો છે તે તમામ લોકો ભાજપના જ મળતીયા છે જે હવે સાબરીયા ભાજપમાં ભળી જતા સમય આવ્યે કોર્ટમાં ફરી જશે મતલબ નાની સિંચાઈ યોજના સાબરીયા દોષિત હોવા છતાં નિર્દોષ સાબિત થશે.

પુરાવાના અભાવે કે કોઈ અન્ય કારણોસર કદાચ કોર્ટમાંથી સાબરીયા નિર્દોષ સાબિત થઈ પણ જશે પરંતુ જનતા જનાર્દનના દિલમાં સાબરીયા પ્રજા દ્રોહી જ છે. અને આવનારી પેટાચૂંટણીમાં પ્રજા તેને બરાબર નો સબક શીખવવા તૈયાર જ છે સાબરીયા ભાજપમાં ભળી ગયા મતલબ તે પ્રજાના દ્રોહ માથી મુક્ત નથી જ થવાના. પ્રજાના દિલમાં સાબરીયાનું જે માન હતું તે હવે પ્રજાના દિલમાં નથી રહ્યું આગામી દિવસોમાં પ્રજા નો મિજાજ કેવો રહે છે તે જોવાનુ રહયુ હાલ હળવદ ધાગ્રાધાં માં ટોપ ઓફ ધી ટાઉન બની સમગ્ર પથંકમાં ચર્ચાય રહયુ છે,

હળવદ તક્ષશીલા કોચિંગ સેન્ટરમાં મતદાન જાગૃતિ સેલ્ફી ઝોન અને ક્વીઝ યોજાઈ



ચાણકીય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હળવદની તક્ષશીલા કોચિંગ સેન્ટરમાં આગામી લોકસભા અને વિધાનસભા પેટા ચુંટણી અને જાગૃતિ ફેલાય તે માટે વિવિધ કાર્યક્રમ યોજાઈ ગયા. સંજય દ્વારા મતદાન, ચુંટણી પ્રકિયા અને ભારતના બંધારણ અંગે વક્તવ્ય આપ્યું હતું.તેમજ વક્તવ્યના અંતે મતદાન જાગૃતિ અંગે એક ક્વીઝ કોન્ટેસ્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પુરુષ વિભગમાં પ્રથમ ક્રમે રાઠોડ હરપાલ, બીજા ક્રમે મર્યા હમીર અને ત્રીજા ક્રમે પટેલ વિશાલ વિજેતા થયા હતા જયારે મહિલા વિભાગમાં પ્રથમ ક્રમે પટેલ અવની, બીજા ક્રમે ગોસ્વામી હિતાર્થી અને ત્રીજા ક્રમે રંગાડીયા ગાયત્રી એ મેદાન માર્યું હતું.સમગ્ર દિવસ દરમિયાન શાળા સંચાલક ડો.મહેશભાઈ મહેતાના ઈનોવેટીવ આઈડિયા સ્વરૂપે ઉભું કરેલ "MY VOTE, MY VOICE"ની સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.વિજેતા વિધાર્થીઓએ શાળાના ટ્રસ્ટી રોહિતભાઈ સીણોજીયા અને હિતેશભાઈ કૈલા દ્વારા પુસ્તકો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

હળવદમાં હોજ બનાવવા બાબતે બઘડાટીમાં ચારને ઈજા, સામસામી ફરિયાદ

હળવદના મેરૂપર ગામે બનાવેલ હોજ મામલે બઘડાટી બોલી ગઈ હતી જેમાં વૃદ્ધ સહીત બેને ઈજા પહોંચી છે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

હળવદના મેરૂપર ગામના રહેવાસી મણીલાલ કરમશીભાઈ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે આરોપી ભૂપત ભગવાનભાઈ સોલંકીએ તેની જમીનમાં પાણી માટે હોજ બનાવ્યો હોય જેથી ફરિયાદી અને સાહેદો જેસીબી મશીન દ્વારા વિખેરતા હોય જે નહિ ગમતા આરોપી ભૂપત ભગવાન સોલંકી, વાઘજી રૂપા સોલંકી અને હરજી ભગવાનભાઈ સોલંકી રહે ત્રણેય મેરૂપર તા હળવદ વાળા તથા ભુપતભાઈના ટ્રેક્ટરનો ડ્રાઈવર એ ચાર આરોપીઓએ લાકડી અને ધોકા વતી માર મારી ફરિયાદી મણીલાલ પટેલને ફેકચર જેવી ઈજા કરી તેમજ સાહેદ મુકેશભાઈને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે

જયારે સામાપક્ષે ભૂપત ભગવાનભાઈ સોલંકીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદીની જમીન અને આરોપીની જમીન વચ્ચે સરકારી પડતર જમીનમાં પાણી માટે હોજ બનાવ્યો હોય જે આરોપી મણીલાલ કરમશી પટેલ, દીપક મણીલાલ પટેલ, મુકેશ મણીલાલ પટેલ રહે ત્રણેય મેરૂપર તા હળવદ વાળા વિખવા માટે જતા ફરિયાદીએ ના પાડતા આરોપીઓએ ગાળો આપી પાઈપ વતી ઈજા કરી તેમજ સાહેદ વાઘજીભાઈને ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે પોલીસે સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે

ચૂંટણી પંચે ફરી સાધ્વી પ્રજ્ઞાને નોટિસ ફટકારી

બાબરી ઢાંચો મેં તોડ્યો છે, રામ મંદિર બનાવવા પણ જઈશઃ સાધ્વી પ્રજ્ઞા

ભોપાલ

આતંકી હુમલામાં શહીદ થયેલા હેમંત કરકરે અંગે આપત્તિજનક ટિપ્પણી કરનારા ભારતીય જનતા પાર્ટીની લોકસભાનાં ઉમેદવાર સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે હવે બાબરી મસ્જિદ પર પણ નિવેદન આપ્યું છે. સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું કે બાબરી મસ્જિદને તોડી તેની પર તેમને જરાપણ અફસોસ નથી પરંતુ ગર્વ થાય છે. સાધ્વી એ હવે કહ્યું છે કે, 'તેઓ માત્ર બાબરી મસ્જિદની પર ચઢ્યા જ નહોતા પરંતુ તેને તોડવામાં પણ મદદ કરી હતી.' ચૂંટણી પંચે પણ તરત એકશન લેતા સાધ્વી પ્રજ્ઞાને ચૂંટણી સંહિતાનું ઉલ્લંઘન કરવા માટે નોટિસ ફટકારી છે. એટલું જ નહીં મધ્યપ્રદેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર લી એલ કાંતા રાવએ ચેતવણી આપતા તમામ રાજકીય પક્ષોને એક સલાહ પણ આપી છે. તેમણે કહ્યું કે વારંવાર ચૂંટણી અને આચાર સંહિતાનો ઉપયોગ અનો ઉપયોગના મોડલ કોડનું ઉલ્લંઘન અને અપમાનજનક ભાષાનો પ્રયોગ કરવાના લીધે મોટી કાર્યવાહી થઈ શકે છે.

સાધ્વી પ્રજ્ઞાએ ભોપાલમાં કેમ્પેઈન દરમિયાન બાબરી મસ્જિદને લઈ આ ટિપ્પણી કરી હતી. તેના લીધે એક વખત ફરીથી મસ્જિદ વિધ્વંસની ઘટનાની યાદ તાજા થઈ છે. સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું હતું કે રામ મંદિર ચોક્કસ બનાવાશે. આ એક ભવ્ય મંદિર હશે.

લોકોને વિશ્વાસ છે કે મોદી દેશ પરના હુમલાને ક્યારેય સહન નહીં કરેઃ વડાપ્રધાન

ચિત્તોડગઢ

વડાપ્રધા નરેન્દ્ર મોદીએ ત્રીજા તબક્કાના મતદાન પૂર્વે ઝંઝાવાતી પ્રચાર અંતર્ગત રવિવારે રાજસ્થાનના ચિત્તોગઢમાં રેલીને સંબોધી હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે લોકોને વિશ્વાસ છે કે મોદી પોતાના પરના હુમલાને સહન કરી લેશે પરંતુ દેશને આંચ પણ નહીં આવવા દે. પ્રથમ વખતના મતદારોને આહ્વાન કરતા મોદીએ જણાવ્યું કે નવા રાષ્ટ્રનું નિર્માણ તમારી જવાબદારી છે.

'દેશને મોદી પર વિશ્વાસ છે કે તે પોતાના પર કરાયેલા હુમલાને સહન કરી લેશે પરંતુ દેશ પરના હુમલાને ક્યારેય સાંખી નહીં લે,' તેમ મોદીએ રેલીમાં જણાવ્યું હતું. વડાપ્રધાને કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું કે 'કોંગ્રેસના શાસનમાં દેશના સંશાધોનોને અન્યાય કરાયો હતો. કોંગ્રેસ પાસે ત્રણ સત્ય છે, 'નામદાર પરિવાર', ભ્રષ્ટાચાર અને ખોટા વચનો.'



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ટીવાયબીકોમની એકાઉન્ટની પરીક્ષામાં એમ.કોમ અને સી.એ ના લેવલના અઘરા તેમજ કોર્ષ બહારના સવાલો પૂછવામાં આવ્યા હતા. સતત ત્રણ દિવસ સુધી વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ કર્યા બાદ સમગ્ર દક્ષિણ ગુજરાતની કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ખાતે ભેગા થઈ કુલપતિને યોગ્ય નિર્ણય લેવા રજૂઆત કરી હતી.

કડોદરા અકળામુખી અને સૂર્યમુખી મંદિરે હનુમાન જયંતીની ઉજવણી

દર્શન અને ભંડારાનો મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભાગ લીધો

કડોદરા

હનુમાન જયંતી નિમિત્તે કડોદરામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અકળામુખી અને સૂર્યમુખી હનુમાન મંદિરે હનુમાન જયંતીની ધૂમધામથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં ભક્તજનોએ પૂજા અર્ચના કરી મહાભંડારાનો લાભ લીધો હતો.

આ પ્રસંગે અકળામુખી હનુમાન મંદિરના પૂજારી તથા આગેવાન અંકુર દેસા, અનિલભાઈ, દિપકભાઈ દાતા ભાનજીભાઈ પટેલ સહિતના આયોજકે જણાવ્યું હતું કે, આ અકળામુખી હનુમાનજીના મંદિરનું ઘણું મહત્ત્વ છે. લોકો દુર દુરથી આ હનુમાનજીના મંદિરે દર્શનાર્થે આવે છે. આસ્થાનું પ્રતિક છે તેમની મનોકામના પણ પૂરી થાય છે.

જ્યારે શ્રી સંકટ મોચન સૂર્યમુખી હનુમાન મંદિરના પૂજારી રામજી પાંડે આગેવાન ભરતભાઈ વાંસફોડા, વસંતભાઈ આયોજક શાંતારામ પાટીલે જણાવ્યું હતું કે, હનુમાન જયંતી નિમિત્તે આ મંદિરે વહેલી સવારથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ત્યારબાદ મહા ભંડારો પણ થયો હતો. જેમાં બહોળી સંખ્યામાં ભક્તજનો પોતાના પરિવાર સહિત પૂજા અર્ચનાની સાથે મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

કચ્છ સેક્સકાંડ...? ભાજપના ધારાસભ્યની બે પ્રેમિકા સાથેની બિભત્સ વાતો થઈ વાઈરલ....

ભાજપના ધારાસભ્યની બે પ્રેમિકા સાથેની બિભત્સ વાતો થઈ વાઈરલ થતા રાજકારણ ગરમાયુ છે

વાયરલ થયેલી ઓડિયો ક્લિપમાં એટલી ગાળો સાંભળવા મળે છે કે તેની કોઈ હદ નથી છતાં કેટલાક અંશ અમે આપને જણાવી દઈએ

ધારાસસભ્યઃ ભૂતકાળ ભૂલી જાવ વર્તમાનકાળને અનુસરો...

પ્રેમિકા -૧: વર્તમાનકાળમાં હું છું કે નવી કોઈ નથીને?

ધારાસભ્યઃ તું ખોટું અનુમાન કરે છે, મેં કીધું ભૂતકાળ હતો તેને વાગોળું છું અને વર્તમાનમાં તને પ્રેમ કરું છું અને ભવિષ્યમાં કરતો રહીશ.

પ્રેમિકા-૧ઃ તમે મારી લાઈફ છો, લાઈફ રહેશો, ધણી છો, માય હસબન્ડ, શું સવારે રાધે રાધે કરીનેપ.

ધારાસભ્યઃ સાંભળ હું તને આજે કહું છુંપ

પ્રેમિકા-૨ઃ તું માનીશ નહિં, તારો સંબંધ તેની સાથે, તું તેની પાછળ પાગલ થઈ ગયો છે. તું તારા છોકરાના સમ ખાઈને પણ ખોટું બોલે છે. ૧૦૦ ટકા નહિં તો ૫૦ ટકા તો છે જ તું તેને ગંદા ઈશારાઓ કરે છે આ બધું બંધ કર. હું તો બેંગ્લોર નહોતી આવી.

ધારાસભ્યઃ હું બેંગ્લોર ગયો નહોતો હું તમિલનાડુ ગયો હતો.

પ્રેમિકા-૨ઃ મારી સાથે જે જે હરકતો કરી તે તેની સાથે કરી ચૂક્યો છો, તેણીએ કેમ કહ્યું કે તે બેંગ્લોરમાં સફારી પહેરી હતીપ.તે ભૂજની આગળ શું શું બનાવી તને ખવડાવે છે તે બધી ખબર છે. રહેવા દો રહેવા દો તને કેવી રીતે વશમાં કર્યો છે મને ખબર છે તારા મગજ માંથી એ જતી નથીપ.

ધારાસભ્યની બન્ને પ્રેમિકા ભાજપ મહિલા મોરચાની સભ્ય હોવાનું ચર્ચામાં છે...?!

નલિયા કાંડ ની ચર્ચા હજુ ચાલુજ છે ને ત્યારેજ કચ્છમાં વધુ એક સેક્સલીલા બહાર આવી છે. આ વખતે કોઈ સ્થાનિક નેતાની નહી પણ કચ્છ ભાજપના વર્તમાન ધારાસભ્યની ૮ જેટલી ઓડિયો કલીપ વાઈરલ થઈ છે. જેમાં ભાજપના ધારાસભ્ય તેની બે પ્રેમિકા વચ્ચેની વાતચીત છે. તેમાં પણ આશ્ચર્યની વાત તો એ છે કે, ધારાસભ્યની બન્ને પ્રેમિકા ભાજપ મહિલા મોરચાની સભ્ય મનાઈ રહી છે.આ ઓડિયો ક્લિપમાં એટલી ગંદી ગાળો સાંભળવા મળે છે કે તેને લખી શકાય તેમ નથી. માત્ર એટલું જ નહી, બન્ને પ્રેમિકાઓ પણ સામ સામે ફોનમાં ગાળો આપે છે. આ ઓડિયો ક્લિપ મુજબ, આ ધારાસભ્ય ખૂબ જ રોમેન્ટિક છે અને પ્રેમિકાઓને સરપ્રાઈઝ આપવામાં પણ ચૂકતા નથી. જો કે રોમાન્સ અને બિભત્સ વાતોની સાથે સાથે ધાર્મિક પણ એટલા જ છે. આમ તેમનું કામ રામ નામ જપના પરાયા માલ અપના જેવું છે.

ભાજપના આંતરિક વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ, આ ઓડિયો ક્લિપને લઈ આજે પાટણમાં યોજાયેલા પ્રચાર કાર્યક્રમમાંથી આ ધારાસભ્યને ગેરહાજર રહેવા માટે હાઈકમાન્ડે આદેશ આપ્યો હતો.

ભાજપના ધારાસભ્યની બે પ્રેમિકાઓના ઝઘડાના કારણે આ ઓડિયો ક્લિપ બહાર આવી હોવાનું માનવામાં આવે છે. લોકસભા ચૂંટણી સમયે જ આ ઓડિયો જાહેર થતાં કચ્છ ભાજપમાં ભૂકંપ આવ્યો છે.

કચ્છ જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા વિરોધ કરી રાજ્ય મંત્રીના રાજીનામાની માંગણી કરાઈ છે.

હળવદ : હાથ ઉછીના લીધેલા રૂપિયા મામલે બઘડાટી, ત્રણ શખ્શોએ માર

હળવદના રાણેકપર

રોડ પર હાથ ઉછીના આપેલ રૂપિયા મામલે ત્રણ શખ્શોએ પટેલ યુવાનને માર માર્યાની પોલીસ માં ફરિયાદ

હળવદના હરીનગરના રહેવાસી રજનીકાંતભાઈ ચંદુભાઈ ભોરણીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે આરોપી પંકજ ગોઠી, ધર્મેન્દ્ર ગોઠી રહે બંને હળવદ ઉમા સોસાયટી અને અજાણ્યો ઈસમ તેને યુવાનને માર માર્યો છે જેમાં ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી પંકજ ગોઠી પાસેથી ફરિયાદીએ હાથ ઉછીના રૂપિયા લીધેલ હોય અને ફરિયાદીએ તેના મિત્ર હરિભાઈ પટેલ પાસેથી રૂપિયા લેવાના હોય જેથી બારોબાર લેવાનું કહેતા આરોપીને નહિ ગમતા આરોપી પંકજભાઈએ છરી વડે ઈજા પહોંચાડી તેમજ અન્ય આરોપીઓએ લાકડાના ધોકા વડે ઈજા કરી હોવાની ફરિયાદ નોંધાવી છે

તા.૨૫મીએ સંચારી રોગ અટકાયત અને સંકલન સમિતિની બેઠક મળશે

વલસાડ જિલ્લાની સંચારી રોગ અટકાયત માટે જિલ્લા રોગચાળા અટકાયત માટે જિલ્લા સંચારી રોગચાળા ઓકાટથતની ત્રિમાસિક બેઠક તા.૨૫/૪/૧૯ના રોજ સાંજે ૪-૩૦ કલાકે જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે મળશે. આ બેડકમાં પાણીજન્ય, વાહકજન્ય, લેપ્ટોસ્પાયરોસીસ, એચ-૧એન-૧ વગેરે રોગોના અટકાયત માટે કરાયેલી કામગીરી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે.

૨૬-વલસાડ લોકસભા મતવિભાગમાં ૩૩ મહિલા તેમજ ૬ દિવ્યાંગ મતદાન મથકો રહેશે

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત તા.૨૩મી એપ્રિલ, ૨૦૧૯ના રોજ મતદાન યોજાશે. જે માટે ૨૬-વલસાડ લોકસભા મતવિસ્તારમાં ૩૩ સખી (મહિલા) મતદાન મથકે તેમજ ૬ દિવ્યાંગ મતદાન મથકો પણ બનાવાશે. મહિલા મતદાન મથકે તમામ સ્ટાફ મહિલાઓ અને દિવ્યાંગ મતદાન મથકોએ તમામ સ્ટાફ દિવ્યાંગ રહેશે. વિધાનસભા મતદાર વિસ્તાર મુજબ જોઈએ તો, જેમાં ૧૭૩-ડાંગમાં ૩ મહિલા મતદાન મથકો રહેશે. જ્યારે અન્ય ૬ વિધાનસભા મતદાર વિસ્તારોમાં ૫-૫ સખી મતદાન મથકો અને એક-એક દિવ્યાંગ મતદાન મથકો બનાવાશે.

મતદાન સામગ્રી માટેના ડિસ્પેચિંગ અને રીસીવિંગ સેન્ટરો

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત તા.૨૩મી એપ્રિલ, ૨૦૧૯ના રોજ ૨૬-વલસાડ લોકસભા મતવિસ્તારમાં યોજાનાર મતદાનની સામગ્રી મોકલવા તેમજ ઈવીએમ./વીવીપેટ પરત લેવા માટે વિધાનસભા મુજબ રીસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટરો નિયત કરાયા છે. જેમાં ૧૭૩-ડાંગ માટે સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલ્લેજ, આહવા, ૧૭૭-વાંસદા માટે સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલ્લેજ-હનુમાનબારી-વાંસદા, ૧૭૮-ધરમપુર માટે વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલ્લેજ-બામટી-ધરમપુર, ૧૭૯-વલસાડ માટે બાઈ આવાંબાઈ હાઈસ્કૂલ-વલસાડ, ૧૮૦-પારડી માટે કુમારશાળા-પારડી, ૧૮૧-કપરાડા માટે પ્રાથમિક શાળા-પારડી તેમજ ૧૮૨-ઉમરગામ વિધાનસભા મતદાર વિસ્તાર માટે એમ.એમ.હાઈસ્કૂલ-ઉમરગામનો સમાવેશ કરાયો છે.

મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની અંદર ટેબલ-ખુરશી-મંડપ વગેરે વ્યવસ્થા કરી શકાશે નહીં

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે વલસાડ જિલ્લાના પાંચેય વિધાનસભા મતવિસ્તારોમાં તા.૨૩/૦૪/૨૦૧૯ને મંગળવારના રોજ યોજાનાર મતદાન ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલનના હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ હેઠળ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની અંદર ટેબલ-ખુરશી, મંડપ-તાડપત્રીના ટુકડા અને છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ ફરજ પરના ચુંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચુંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીઓ, સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓને લાગુ પડશે નહીં. હુકમનું ઉલ્લંઘન કાયદેસરની કાર્યવાહીને પાત્ર ઠરશે.

મતદાન કેન્દ્રમાં મોબાઈલ ફોન જેવા વિજાણું યંત્રો સાથે પ્રવેશ કરવો નહીં

આહવા

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષીને તા.૨૩/૪/૨૦૧૯નાં રોજ રાજય સમસ્તની જેમ ડાંગ જિલ્લામાં પણ યોજાનારા મતદાન વેળા, જે તે મતદાન મથકો તથા તેની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યા ધરાવતા વિસ્તારમાં સેલ્યુલર/મોબાઈલ ફોન સહિત કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ જેવા વિજાણું યંત્રોના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. ડાંગના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટર શ્રી ટી.કે.ડામોર દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર ચૂંટણીના સરળ સંચાલન સાથે આદર્શ આચાર સંહિતના પાલન બાબતે ચૂંટણી પંચ દ્વારા અપાયેલી સૂચનાઓને ધ્યાને લેતા ડાંગ જિલ્લામાં પણ મતદાન મથકો તથા તેની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યા ધરાવતા વિસ્તારમાં આવા વિજાણુ યંત્રોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કે અનાદર કરનાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તેમ જણાવી આ પ્રતિબંધિત હુકમમાંથી (૧) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી તથા ચૂંટણી ફરજ ઉપરના તમામ અધિકૃત વ્યક્તિઓ, તથા ચૂંટણી સાથે સંકળાયેલા પોલીસ અધિકારીઓ, (૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા ચૂંટણી અધિકારી અધિકૃત કરે તેવી વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવી છે.



લોકશાહી મહાપર્વ લોકસભા ચૂંટણી-૨૦૧૯માં નવી સિવિલ નર્સિંગ એસોસીએશન દ્વારા મતદાર જાગૃતિ અંગે વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરની નર્સિંગ કોલેજોના અને સિવિલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓએ હાજર રહી ફરજિયાત મતદાન કરવા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા અને મતદાનના દિવસે હોસ્પિટલમાં દાખલ દરદીને મતદાન કેન્દ્ર સુધી લઈ જવા માટેની સુવિધા પુરી પાડવા પણ નર્સિંગ સ્ટાફે સંકલ્પ વ્યકત કર્યો હતો.

લેખિકા શ્રેયા કટારીયા દ્વારા લિખિત

'આપણે જીવીએ છીએ જીવવા માટે' પુસ્તકનું વિમોચન કરાયું

પુસ્તક એમેઝોન, ફ્લીપકાર્ટ, શોપ ક્લૂઝ પર ઉપલબ્ધ છે

નવસારી

સયાજી વૈભવ પુસ્તકાલય-નરેન્દ્ર એચ. પારેખ જ્ઞાનધામ નવસારીના મને ગમતું પુસ્તક યુવા વાર્તાલાપના સ્થાયી સદસ્યા અને માઈક્રોબાયોલોજી વિષયના વિદ્યાર્થીની શ્રેયા કટારીઆના અંગ્રેજી ભાષામાં લખાયેલા We're Alive To Live Only ''આપણે જીવીએ છીએ જીવવા માટે'' પુસ્તકનું વિમોચન કરતા લેખિકા એષા દાદાવાલાએ યુવા વર્ગથી ઠસો ઠસ ભરાયેલા સભાખંડમાં જણાવ્યું હતું કે ભલે અંગ્રેજીમાં લખાયુ પણ શ્રેયાનો ગુજરાતી ભાષા ઉપર અસરકારક પ્રભાવ અને પકડ છે એ રજૂ થયેલા એમના શબ્દો-વાક્યો ઉપરથી જોઈ શકાય છે. પુસ્તક સર્જનની પ્રક્રિયા કઠિન હોય છે, શ્રેયાએ અભ્યાસ સાથે યુવા વયમાં પુસ્તક લખ્યું. બીજાના દર્દને પોતાની અંદર અનુભવી શકે તે સારૂ લખી શકે. શ્રેયા એમાંથી પસાર થઈ છે. ભલે મોડુ થયુ પણ સયાજી વૈભવમાં વાંચનના યજ્ઞમાં ચૈત્રી નવરાત્રિના પ્રથમ નોરતે આ પુસ્તક અર્પણ થાય એ મહાદેવ દેસાઈના વાંચે ગુજરાતના યજ્ઞ માટે શુભ સંકેત છે. શ્રેયાના માતા પિતાએ આ પ્રવૃત્તિને અટકાવી ન દીધી તે માટે વિશેષ અભિનંદન છે.

મહાદેવ દેસાઈએ શુભ આશિષ આપતા ઉમેર્યું હતું કે ઠીક વર્ષોથી ચાલતો યુવા વાર્તાલાપને શ્રેયાના આ ઉત્સવથી નવો ઉત્સાહ મળે છે. શ્રેયાએ ભલે અંગ્રેજીમાં લખ્યુ પણ નવા જમાનાને અનુરૂપ લખ્યું છે.

વિમોચન પૂર્વે શ્રેયાએ લેખન સર્જન પ્રક્રિયાની ભૂમિકામાં જણાવ્યું હતું કે આમ હું વિજ્ઞાન વિદ્યાશાખાની વિદ્યાર્થીની પણ મારી ઉર્મિ મનોભાવો અને પુરૂષાર્થથી અંગ્રેજીમાં લખી શકુ એમાં સરસ્વતી અને આપ સૌની કૃપા છે. ધો.૬ની વિદ્યાર્થીની હતી ત્યારથી આ પુસ્તકાલયના ઉંબરે છું. યુવા પેઢી જે દોડ મૂકીને આગળ વધવા મંડી પડી છે એને એક નાની આગવી સમજ જંદગી જીવવા માટે છે. કુદરતે અદ્ભૂત દુનિયા રચી છે. એ વિશાળ જગ વિસ્તાર કુદરતી સંપત્તિ કે અજાયબીઓ સાથે વ્યક્તિનું નિર્માણ થયું છે. આપણું અસ્તિત્વ એક જગ્યાએ જન્મીને ત્યાં જ મરી જવા માટે નથી. જીંદગી જીવવા માટે છે પણ સામાજિક કુટિલતા-માનસિકતાને છોડવી પડશે. રેડક્રોસ, નવસારીની હું સ્વયંસેવક હોવાથી રેડક્રોસની અખિલાઈ-વિશાળતામાં થતુ કાર્ય અને સયાજી વૈભવ પુસ્તકાલયનો પ્રભાવ મારા પર છે.

નવસારીની શ્રેયાનું પુસ્તક એમેઝોન, ફ્લીપકાર્ટ અને શોપક્લુઝ જેવા માધ્યમોમાં ભારતભર ઉપરાંત દુનિયાભરમાં પ્રાપ્ય છે. આ વાતનો નવસારી નગરે, આંતરરાષ્ટ્રીય સિદ્ધિનો ગર્વ લેવા જેવો છે. પ્રશાંત પારેખે આવકાર, કન્વીનર દિપક પરીખે યુવા વાર્તાલાપ-૩૦૦ યુવાએ આપેલી ગરિમા, મંત્રી ઉમા ભટ્ટ-માધવી શાહે મહેમાનોનું અભિવાદન કર્યું હતું. રોમા જોષીએ સંવેદનાસભર પ્રાર્થના રજૂ કરી હતી.

૨૫- નવસારી લોકસભા બેઠકના રીસીવિંગ-ડીસ્પેચિંગ સેન્ટરની યાદી

નવસારી

આગામી લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૯ અન્વયે નવસારી જિલ્લામાં તા.૨૩/૪/૧૯ ના રોજ મતદાન થનાર છે. તા.૨૨/૪/૧૯ ના રોજ તમામ મતદાન મથકો ખાતે ડિસ્પેચીંગ અને રીસીવીંગની કામગીરી થનાર છે. તેમજ તા.૨૩/૦૪/૧૯ ના રોજ મતદાનની કામગીરી પુર્ણ થયા બાદ તમામ સીલબંધ/ઈવીએમ/વીવીપેટ મશીનો જિલ્લામાં નકકી કરાયેલ કાઉન્ટીંગ સેન્ટર ખાતે મૂકવાના થાય છે. ૨૫- નવસારી સંસદીય બેઠકના રીસીવીંગ/ડિસ્પેચીંગ-સેન્ટર આ મુજબ છે. ૧૬૩-લીંબાયત શ્રીમતી એમ.પી. લીલીયાવાડા વિદ્યા ભવન, ડુભાલ, સુરત ૧૬૪-ઉધના, આર .એન. નાયબ હાઈસ્કુલ ઉધના , સુરત ૧૬૫-મજૂરા, શારદાયતન વિદ્યામંદિર મજૂરા, સુરત ૧૬૮-ચોર્યાસી,ડી. આર.બી.કોલેજ કેમ્પસ, કાંઠા વિભાગ નવનિર્માણ સંચાલિત વેસુ, સુરત ૧૭૪-જલાલપોર,શેઠ પુ. હ.વિદ્યાલય, સંસ્કારભારતી, તા.જલાલપોર, જિ.નવસારી ૧૭૫-નવસારી એસ. એસ. અગ્રવાલ કોલેજ, ગણદેવી રોડ, નવસારી ૧૭૬-ગણદેવી (અ.જ.જા.) ટાલીયા હાઈસ્કુલ, ચીખલી બસ ડેપોની સામે, તા.ચીખલી, જિ.નવસારી ૧૭૭- વાંસદા (અ.જ.જા.) પ્રતાપ હાઈસ્કુલ, તા.વાંસદા, જિ.નવસારી

જાહેરાત પ્રસિદ્ધ કરાવવા પૂર્વે ચૂંટણી પંચની મંજૂરી અચૂક લેવી

નવસારી

રાજકીય પક્ષો, ઉમેદવાર, વ્યકિત, સંગઠન કે સંસ્થા દ્વારા વિજાણું માધ્યમોમાં રાજકીય પ્રકારની જાહેરાતો પ્રસારિત કરતાં પહેલાં રાજય/જિલ્લા કક્ષાની મીડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીગ કમિટિ સમક્ષ પૂર્વ મંજૂરી માટે રજૂ કરવાની જોગવાઈ છે.આ પ્રકારની જાહેરાતોમાં પ્રિન્ટ મીડીયાનો સમાવેશ થતો નથી. પરંતુ મતદાનના દિવસે તેમજ મતદાનના આગલા દિવસ એટલે કે તારીખ ૨૨-૦૪-૨૦૧૯ અને ૨૩-૦૪-૨૦૧૯ દિવસે રાજકીય પક્ષો, ઉમેદાવારો, કોઈપણ વ્યકિત કે સંસ્થા, સંગઠન દ્વારા પ્રિન્ટ મીડીયામાં જાહેરાત આપતાં પહેલાં રાજકીય પક્ષે રાજય કક્ષાની મીડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીગ કમિટિ સમક્ષ તથા ઉમેદવાર પોતે, ઉમેદવારની તરફેણમાં કોઈ વ્યકિત, સંસ્થા કે સંગઠને જિલ્લા કક્ષાની મીડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીગ કમિટિ સમક્ષ પૂર્વ મંજૂરી માટે રજૂ કરવાની ચૂંટણી પંચ દ્વારા સુચના આપવામાં આવી છે.

તંત્રી સ્થાનેથી...

પ્રિયંકા સામે પડકારો

લોકસભા ચૂંટણી માટે મતદાનો દોર જારી રહ્યો છે. પ્રથમ બે તબક્કામાં મતદાન થઈ ચુક્યુ છે અને કુલ ૧૮૯ બેઠકો પર મતદાન પૂર્ણ થયુ છે. માહોલ કોની તરફ છે તે બાબત પર વાત કરવી મુશ્કેલ છે. તમામ મોટા પક્ષો પોત પોતાની જીતના દાવા કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીમાં મોટી જવાબદારી મળ્યા બાદ પ્રિયંકા ગાંધી વાદેરાની સામે ઉત્તરપ્રદેશમાં અસ્તિત્વની લડાઈ લડી રહેલી કોંગ્રેસ માટે નવા પ્રાણ ફુકવાની જવાબદારી છે. કોંગ્રેસ પાર્ટી હાલમાં ચોથા સ્થાને દેખાય છે. આવી સ્થિતીમાં પ્રિયંકા પાર્ટીને કેટલી હદ સુધી બેઠી કરી શકે છે તે બાબત ઉપયોગી છે. હાલમાં દરેક રાજકીય પાર્ટીઓ નવા નવા દાવપેંચ રમી રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પણ નવો દાવ રમ્યો છે. રાહુલે પ્રિયંકા ગાધીને પાર્ટીના મહાસચિવ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ તેમની ચર્ચા પણ છે. પૂર્વીય ઉત્તરપ્રદેશના પ્રભારી તરીકે પ્રિયંકાને જવાબદારી સોંપી દેવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીએ આ નિર્ણયને ટ્રુટીન તરીકે ગણાવીને તેની પ્રશંસા કરી છે. જો કે પાર્ટી કાર્યકરો અને રાજકીય નિષ્ણાંતો માની રહ્યા છે કે આ રાહુલ ગાંધીનો માસ્ટર સ્ટ્રોક તરીકે છે. કહેવામાં આવી રહ્યુ છે કે લોકોને પ્રિયંકામાં ઇન્દિરા ગાંધીની ઝલક મળે છે.જેથી આના કારણે કોંગ્રેસ પાર્ટીને ફાયદો મળી શકે છે. પાર્ટીની હાલત ઉત્તરપ્રદેશમાં ખુબ ખરાબ છે. આવી સ્થિતીમાં પાર્ટી વાપસી કરી શકે છે. આ વાસ્તવિકતા છે કે પ્રિયંકા હજુ સુધી તો બે લોકસભા સીટ રાયબરેલી એ અમેઠી સુધી મર્યાદિત રહ્યા છે. ત્યાં તે પ્રજા વચ્ચે સંપર્ક રાખવામાં સફળ રહી છે. તેની ટીવી રજૂઆત પણ સારી રહી છે. જો કે મોટી ભૂમિકા અદા કરવામાં તે કેટલી સફળ રહે છે તે બાબત તો સમય બતાવશે. કોંગ્રેસ પાર્ટી હાલમાં તેમને લઈને મોટા મોટા દાવા કરવા માટે તૈયાર નથી. હાલમાં કોંગ્રેસની સામે સૌથી મોટો પડકાર તો બસપ અને સપાના ગઠબંધનના પડકારોમાંથી બહાર નિકળવાની છે. કેટલાક નિષ્ણાંતો માને છે કે તેમના માટે સ્થિતી વધારે સારી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે, મોદી અને યોગીની જોડી તથા સમાજવાદી પાર્ટી-બસપા ગઠબંધનની વચ્ચે પ્રિયંકા ગાંધીનો કરિશ્મો થાય તેવી શક્યતા ખુબ ઓછી દેખાઈ રહી છે. રાજનીતિશાસ્ત્રના પ્રોફેસર કૌશલ કિશોર મિશ્રાનું માનવું છે કે, પ્રિયંકા ગાંધીના સક્રિય રાજનીતિમાં આવવાથી પૂર્વીય ઉત્તરપ્રદેશની ૩૦ સીટો ઉપર કોઈ ખાસ અસર થશે નહીં. પૂર્વાંચલની વારાણસી સીટ પરથી વડાપ્રધાન મોદી ચૂંટણી લડે છે. તેમના પ્રભાવને ઘટાડવા માટે કોંગ્રેસે બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કર્યો છે. પ્રિયંકા ગાંધી પહેલા પડદા પાછળથી રાજનીતિ કરતા રહ્યા છે. પ્રોફેસર કિશોરે કહ્યું છે કે, યુવા મુસ્લિમો કોંગ્રેસનો સાથ આપી શકે છે જ્યારે મુલાયમના સમર્થકો સપાની સાથે રહી શકે છે. આનાથી મુસ્લિમ વોટનું વિભાજન થશે. ભાજપ પણ ઈચ્છે છે કે, મુસ્લિમ વોટનું વિભાજન થાય. પૂર્વીય ઉત્તરપ્રદેશમાં ત્રિકોણીય જંગ થશે. પ્રિયંકા ગાંધીની એન્ટ્રી થવાથી ભાજપ કરતા બસપ અને સપાને વધારે નુકસાન થશે. રાજકીય નિષ્ણાતો જેપી શુક્લાનું કહેવું છે કે, પ્રિયંકા ગાંધી સક્રિય રાજનીતિમાં આવવાથી માત્ર મનોવૈજ્ઞાનિક અસર થશે.

હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ ૯૮૫ અબજ ડોલર સુધી ટુંકમાં જશે...

હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલનો ગ્રાફ વધ્યો

હેન્ડીક્રાફ્ટ ચીજોને વેચવા માટે કારોબારીઓ ઓનલાઈન ઉપરાંત કેટલાક અન્ય વિકલ્પનો ઉપયોગ કરી શકે

હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ રોકેટ ગતિથી વધી રહ્યુ છે. આવનાર સમયમાં તેમાં વધારે તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલને લઈને હવે ઉદ્યોગસાહસિકો પણ લોકોની પસંદ મુજબ નવા નવા પ્રયોગ કરી રહ્યા છે. આર્ટિજન પ્રોડક્ટની માંગ વૈશ્વિક સ્તર પર ૮-૯ ટકા વાર્ષિક દરે વધી રહી છે. આમાં ભારત ઉપરાંત ચીન અને અફઘાનિસ્તાનની ચીજોની માંગ સૌથી વધારે જોવા મળી રહી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક સર્વે બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા હતા. જેનાથી જાણી શકાય છે કે હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ કેટલી ઝડપથી વધી રહ્યુ છે. આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસમાં માર્કેટ કદ ૯૮૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. જેમાં સૌથી વધારે માંગ ઈમિટેશન, જ્વેલરી, માર્બલ ક્રાફ્ટ, જરી પ્રોડક્ટસ, કારપેટનો સમાવેશ થાય છે. દેશમાં પણ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ સતત વધી રહ્યુ છે. મેકિંગ અને માર્કેટિંગથી લઈને વધારે જાણરુકતા જોવા મળી રહી છે. આ જ કારણસર ઓનલાઈન એવા પ્રોડક્ટસની ઉપલબ્ધતા પણ વધી ગઈ છે. ભારતમાં ૧૭ ટકા કરતા વધારે આર્ટિજન અને ટ્રાઈબ્સ એવા છે જેના દ્વારા સ્ટાર્ટ અપ તરીકે આવા પ્રોડક્ટસ મેકિંગની ફરી શરૂઆત કરી છે. ચીજોની યોગ્ય કિંમતો અને માર્કેટિંગ માટે ઓનલાઈન સેલ ઉપરાંત તેમની પાસે કેટલાક અન્ય વિકલ્પ રહેલા છે. આ વિકલ્પને લઈને પણ ચર્ચા છે.



માત્ર બે ટકા સેલ ઓનલાઈન

હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓની બોલબાલા હવે આધુનિક સમયમાં વધી રહી છે. આ ક્ષેત્ર સાથે જોડાયેલા કારોબારીઓ જુદા જુદા વિકલ્પનો ઉપયોગ કરીને પોતાની કુશળતા મારફતે જંગી કમાણી કરી શકે છે. હેન્ડીક્રાફ્ટની ચીજો મુખ્ય રીતે ભારત, ચીન અને અફઘાનિસ્તાનની વધારે જોવા મળે છે. ખુબ ખુબસુરત અને નવી નવી હેન્ડીક્રાફ્ટની ચીજો યુવા પેઢીમાં લોકપ્રિય છે. આવી સ્થિતીમાં આનો કારોબાર રોકેટગતિથી વધી રહ્યો છે. જો કે ઓનલાઈન વેચાણના મામલે ભારતીય લોકો પાછળ રહ્યા છે. જો કે તેમાં પણ આગામી દિવસોમાં જોરદાર તેજી આવવાના સંકેત તો છે. સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં આશરે ૭૦ લાખ આર્ટિજન છે. જે જુદા જુદા પ્રકારના હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ સાથે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે જોડાયેલા છે. છેલ્લા પાચ વર્ષના ગાળામાં આવા પ્રોડક્ટસ હવે અનેક પ્લેટફોર્મ પર જોવા મળે છે. જો કે આંકડા દર્શાવે છે કે કુલ પ્રોડક્સ પૈકી માત્ર બે ટકા ચીજો જ હજુ પણ ઓનલાઈન વેચાઈ રહી છે. ઓનલાઈન વેચાણ કરવાના મામલે ગ્રામીણ હેન્ડીક્રાફ્ટ મેકરને સૌથી મોટી સમસ્યા આવી રહી છે. આ જ કારણસર ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોને તો અન્ય પ્લેટફોર્મ પર આધાર રાખવાની ફરજ પડે છે. મોટા ભાગના હેન્ડીક્રાફ્ટ મેકર હજુ પણ તેમની પ્રોડક્ટસ વેચવા માટે મોટા ભાગે પરંપરાગત રૂટનો ઉપયોગ કરે છે. આના તરીકા પર વધારે આધારિત રહે છે. વીકડે માર્કેટ, કેફે અને આર્ટ ગેલેરી, ક્રાફ્ટ મેળા, પોપ અપ સ્ટોર અને ચેરિટી ઈવેન્ટ્સ મારફતે આવી ચીજોને સરળથી લોકો સમક્ષ મુકી શકાય છે અને લાભ લઈ શકાય છે. ક્રાફ્ટ ફેયરની ચર્ચા હાલમાં જોવા મળી રહી છે.

ઓનલાઈન પ્રોડક્ટસ સેલ કરવાની બાબત ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ઉપયોગી બની શકે છે પરંતુ આ પડકાર છે. ઓનલાઈન પ્રોડક્ટ સેલ કરવાની બાબત ગ્રામીણ વિસ્તારમાં રહેતા હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ મેકર માટે પડકારરૂપ છે. જાણકાર લોકો કહે છે કે મેટ્રો શહેરોમાં હવે વીક ડે માર્કેટની બોલબાલા દેખાઈ રહી છે. શહેર ઉપરાંત અલગ અલગ વિસ્તારમાં એક એક દિવસે આવા અસ્થાયી માર્કેટ લાગતા રહે છે. જ્યાં તમામ પ્રકારની વસ્તુઓ મળે છે. હેન્ડીક્રાફ્ટ સાથે જોડાયેલા કારોબારી માટે આ વિકલ્પ ખુબ સારા વિકલ્પ તરીકે છે. આના માટે આવા ઉદ્યોગસાહસિકોને તેમના આસપાસના શહેરોમાં લાગતા માર્કેટ અંગે માહિતી મેળવી લેવાની જરૂર હોય છે. રિસર્ચ કરવામાં આવ્યા બાદ તેઓ આ માર્કેટમાં પહોંચનાર લોકોની જરૂરિયાતની માગ મુજબ પ્રોડક્ટસ બનાવી શકે છે. આવા માર્કેટમાં વધારે માંગ ફેસન ડેકોર સાથે જોડાયેલી ચીજોની રહે છે. કેફે કમ આર્ટ ગેલેરી વાળી આ જગ્યાને પણ પ્રોડક્સ સેલ માટે વિકલ્પ તરીકે ઉપયોગ કરી શકાય છે. એક સ્થાયી અને અસ્થાયી કાઉન્ટર તેમજ એક કોન્ટ્રાકટની સાથે બિઝનેસને અહીં સ્ટાર્ટ કરવામાં આવી શકે છે. પ્રવાસી સ્થળની નજીક આની ખાસ બોલબાલા રહે છે. ખાસ કરીને રાજસ્થાની હેન્ડીક્રાફ્ટ મેકર માટે પ્રવાસી સ્થળ વધારે સાનુકુળ અને આદર્શ તરીકે રહે છે. પોપ અપ સ્ટાર પણ વિકલ્પ તરીકે છે. આ એવા સ્ટોર હોય છે જે સિઝન અથવા તો ફેસ્ટિવલ મુજબ કામ કરે છે. જો કે તેમની સંખ્યા ખુબ ઓછી હોય છે. આવી સ્થિતીમાં સ્ટોર સંચાલક સાથે તમે સંપર્ક કરી શકો છો. અહીં કમીશન કોન્ટ્રાક્ટ માટે તમે હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ વેચી શકો છો. સ્થાનિક અને દેશના જુદા જુદા હિસ્સામાં આયોજિત થનાર ફેસ્ટિવલ ફેયર અથવા તો શોપિંગ કાર્નિવલમાં જતા એવા સ્ટોર માલિકથી તમે સંપર્ક કરી શકો છો. આવી સ્થિતીમાં સેલમાં વધારો થઈ શકે છે. સરકારી ક્રાફ્ટ ફેયર ઉપરાંત આર્ટિજન સ્કુલ, કોલેજ અને સોશિલ કોમ્યુનિટી તરફથી લાગતા મેળામાં પણ પોતાની ચીજો રજુ કરી શકાય છે. આવા મેળા મારફતે સેલમાં વધારો થાય છે. આના માટે માર્કેટિંગનો રસ્તો પણ ખુલી જાય છે. કેટલાક લોકો કહે છે કે ચેરિટી ઈવેન્ટસનો ઉપયોગ પણ આવા પ્રોડક્ટસના વેચાણ માટે કરવામાં આવી શકે છે. આનો ઉપયોગ બિઝનેસ પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી શકે છે.

આ ઈવેન્ટસ સાંસ્કૃતિક, ધાર્મિક અને ફન ફેયર સાથે સંબંધિત હોય છે. હેન્ડીક્રાફ્ટ ચીજોની બોલબાલા ભારતમાં વધી રહી છે. હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ વેચાણ માટે ઓનલાઈન ઉપરાંત અન્ય કેટલાક વિકલ્પ પણ વેચાણ માટેના હોઈ શકે છે. આના પર ધ્યાન આપીને વેચાણને વધારી શકાય છે.

ઘણા ઉપાય ફુડ પોઈઝનિંગથી બચાવે છે

બી એલર્ટ : પ્રવાહી ચીજોનો વધુ ઉપયોગ કરવામાં આવે તે જરૂરી

ગરમીની સિઝનની શરૂઆત થયા બાદ કેટલીક બિમારીને સીધી રીતે આમંત્રણ મળી જાય છે. જેથી સાવધાની વધારે જરૂરી હોય છે. તીવ્ર ગરમીની સિઝન હોય છે ત્યારે ભોજન ખરાબ થવાનો ખતરો અનેક ગણો વધી જાય છે. આવી સ્થિતીમાં બેક્ટેરિયા, દુષિત ભોજન અને સાફ સફાઈનુ ધ્યાન ન આપવાની સ્થિતીમાં ફુડ પોઈઝનિંગ થવાનો ખતરો રહે છે. આના કારણે શરીરમાં પાણીની કમી આવી જાય છે. જેથી નબળાઈનો અનુભવ થાય છે. આનાથી બચવા માટે કેટલાક પ્રયોગ કરવામાં આવે તે જરૂરી છે. કોઈ પણ પ્રકારના દુષિત ભોજનને ટાળવા માટેના પ્રયાસ કરવા જોઈએ. ભોજનને વધારે સમય સુધી ખુલ્લામાં રાખવામાં આવે તો પણ નુકસાન થાય છે. પેટમાં દુખાવો, ઘબરામણ, માથામાં દુખાવો, ઝાડા ઉલ્ટી, ડિહાઈડ્રેશન જેવા લક્ષણ જોવા મળે છે. દુષિત ભોજન અથવા તો કોઈ ચીજ ખાધા બાદ તેના લક્ષણ એક કલાક બાદ જોવા મળે છે. કેટલાક કેસોમાં લક્ષણ બે દિવસ બાદ પણ જોવા મળે છે. આવી સ્થિતીમાં તબીબોનો સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. ફુડ પોઈઝનિંગી બચવા માટે ચોક્કસ કામ કરવામાં આવે તે જરૂરી છે. ખાસ કરીને સાફ સફાઈ પર ધ્યાન સૌથી જરૂરી છે. ખઈ પણ ચીજ વસ્તુ ખાતા પહેલા હાથ ધોઈ નાંખવામાં આવે તે જરૂરી છે. ફળફળાદી અને શાકભાજીનો પ્રયોગ કરતા પહેલા તેને ધોઈ નાંખવામાં આવે તે જરૂરી છે. શાકભાજીને સારી રીતે પકવી લેવામાં આવે તે જરૂરી છે. નારિયળ પાણી, મિઠુ, લિમ્બુ, અને પાણીનુ વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો ફાયદો થાય છે. છાશ, કેરી જ્યુસ પણ ઉપયોગી સાબિત થાય છે. હોમિયોપેથી મારફતે પણ કેટલાક અંશ સુધી રાહત મેળવી શકાય છે. આના માટે આર્સેનિક અલબમ, ઝાડા ઉલ્ટી વધારે હોવાની સ્થિતીમાં વેરેટમ, કાર્બોવેઝ, બિસ્મથ, કેમ્ફોરા, સિનકોના જેવી દવાનો ઉપયોગ કરવામાં આવી શકે છે. તબીબોની સલાહ લીધા વગર પણ આ પ્રકારની દવાનો ઉપયોગ કરવામાં ન આવે તે જરૂરી છે. પ્રવાહી ચીજોનો વધારે ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. ફુડ પોઈઝનિંગની સ્થિતીમાં ઓરલ રિહાઈડ્રેશન સોલ્ટસ ખુબ ઉપયોગી સાબિત થાય છે. વિકાશશીલ દેશોમાં આના ઉપયોગના કારણે ઉલ્લેખનીય ફાયદો થઈ રહ્યો છે. જાણકાર તબીબોનુ કહેવુ છે કે આના કારણે દર વર્ષે બાળકોના મોતની સંખ્યામાં ઘટાડો થયો છે. વિકસિત દેશોમાં મોતનો ખતરો ઓછો છે. જો કે તમામ માટે રિહાઈડ્રેશન ખુબ ઉપયોગી છે. ડિહાઈડ્રેશનના કારણે શરીરમાં મીઠુ, ગ્લુકોઝ અને મિનરલના તત્વો ઘટી જાય છે. આવી સ્થિતીમાં ઓઆરએસથી ફાયદો થાય છે. જો કે વધારે પ્રમાણમાં મીઠુ બાળકોને નુકસાન કરે છે.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઈ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઈ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં ડાયાબિટીશનો ખતરો વધી જાય છે. ૩૬૧૫ પુખ્તવયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વોટર થેરાપી ખૂબ જ ઉપયોગી છે. ૩૦થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસની શરૂઆતમાં આ તમામ લોકોમાં સામાન્ય બ્લડ સુગરની સપાટી હતી. નવ વર્ષના અભ્યાસના ગાળા બાદ અભ્યાસના ભાગરૂપે રહેલાં પ૬૫ લોકોને હાઈ બ્લડ સુગરની તકલીફ જોવા મળી હતી અને ૨૦૨ લોકોમાં ટાઈપ-૨ ડાયાબિટીશની અસર દેખાઈ હતી. દરરોજ બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં હાઈ બ્લડ સુગર થવાની શક્યતા ૨૮ ટકા ઓછી છે. જે લોકોએ આનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં ખતરો વધારે છે. આ જોખમ હાર્મોન સાથે સીધી રીતે સંબંધિત છે. આનો મતલબ એ થયો કે મોટાપ્રમાણમાં પાણી ખૂબ જ ઉપયોગી છે. ફુડ પોઈઝિંગથી બચવા માટે દુષિત ચીજોને ટાળવી જોઈએ.



ગરમીની સિઝનમાં ભોજન બગડી જવાનો ખતરો પણ વધી જાય છે જેથી કાળજી ન રાખવાની સ્થિતીમાં ફુડ પોઈઝનિંગ થવાનો ખતરો વધે છે

ભારત સહિતના દુનિયાના દેશોમાં હવે નવો ટ્રેન્ડ જોવા મળે છે...

કો-વર્કિંગ બાદ કો-લિવિંગ સ્ટાર્ટ અપ

શું શહિદ જવાનો માટે અલગ અલગ બે વ્યાખ્યા કરી શકાય છે....? ૧૪ ફેબ્રુઆરીએ કાશ્મીરના પુલવામાં આતંકી હુમલાના માર્યા ગયા. આપણા વડાપ્રધાનતો તેને નરસંહાર કહે છે. ૪૪ જવાનો ની શહિદીને લઈને અત્યાર સુધી રાજકારણ ચાલી રહ્યું છે. કોઈને દેશદ્રોહી કહેવામાં આવી રહ્યા છે, તો રાષ્ટ્રવાદનો શંખ પણ ફૂંકવામા આવી રહ્યો છે. જો પુલવામાં પોતાની જાન ગુમાવનાર જવાનોને શહીદ કહી શકાય છે તો મુંબઈમાં ૨૬ ૧૧ ૨૦૧૮ ના રોજ થયેલા આતંકી હુમલામાં આતંકીઓનો સામનો કરતા કરતા પોતાનો જીવ ગુમાવનાર મુંબઈ એટીએસના વડા અધિકારી હેમંત કરકરેને શહીદ કહી શકાય છે શું....? જો પુલવામાના જવાન શહીદ છે તો કરકરે પણ શહીદ છે. તે શહીદનુ અવમાન જાહેરમા સરેઆમ ખુદ ભાજપાના ભોપાલના ઉમેદવાર સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે કર્યું. આતંકીઓની સાથે મુઠભેડમાં શહીદ થયેલા કરકરેને મે માર્યા, મેં તેને શ્રાપ આપ્યો હતો કે જા તુ એક નિર્દોષ સાધ્વીને પરેશાન કરી રહ્યો છે, તારો સર્વનાશ થશે. અને કેટલાક દિવસો બાદ તેઓ માર્યા ગયા. આ મારા શ્રાપથી થયું.... એવું કહ્યુ સાધ્વીએ, જેને એ.ટી.એસે માલેગાંવ બોમ્બ બ્લાસ્ટમાં પકડી હતી. કરકરે યા કોઈ પણ ઉચ્ચ અધિકારીની આવા મહાનુભાવથી શું પોતાની દુશ્મની હોઈ શકે છે ભલા....? સાધ્વીએ સહિત કરકરે અંગે જે કહ્યું તેનો જવાબ કે પછી સાધ્વી ખોટુ કહી રહી છે. કે કહેવાને માટે કરકરે ક્યાંથી આવશે....? એટલા માટે તેમના અંગે કહેવામાં આવ્યું. અને એટલું કહ્યું કે ભાજપ પોતાના હાથ ખંખેરી નાખતા કહી દીધુ કે પક્ષ સાધ્વીના વિચારોની સાથે સહમત નથી આ સાધ્વી નો પોતાનો મામલો છે....!

પુલવામાં શહીદ થયેલા જવાનોના નામ પર કોઈ વોટ માગી રહ્યા છે. અને ચૂંટણીપંચ અહી તહી આજુ બાજુ જોઈ રહ્યું છે. ભારતની સેનાને કોઈની પોતાની સેના કહેવામાં આવી શું ન હતું....? જવાનોની શહિદી ઉપર કોઈ બીજા સવાલ કરે તો તેની ટીકા કરવામાં આવે છે, અને દેશદ્રોહી નો કહી દેવામાં આવે છે. દેશના વડા પણ તેને નથી છોડતા અને ચૂંટણી મેદાનમાં તેની ખેંચાઈ કરે છે. અને ભારતની પોલીસના એક આઇપીએસ અધિકારી કે જેને ભારત સરકારે અશોક ચક્રથી સન્માનિત કર્યા હતા તેમના અંગે ભાજપના નેતાએ જે કહ્યું તે તમામ પોલીસોનું અપમાન નથી શું....? શું આ શહિદનું અપમાન નથી....? પુલવામાંના જવાનો શહીદ પરંતુ મુંબઈ હુમલામાં જીવ ગુમાવનાર શહીદ નહી. સમગ્ર દિવસ શહીદ નું અપમાન થાય છે અને સાંજે સાધ્વી કહે છે કે મારા નિવેદનથી અગર કોઈને દુઃખ પહોંચ્યું હોય તો હું મારું નિવેદન પરંતુ છું. તીર કમાનમાંથી છોડવામાં આવે છે તે નિશાના ઉપર લાગે છે. એક શહીદ પરિવારને દુખ પહોંચે છે અને પછી કહેવામાં આવે છે ઠીક છે આવું હોય તો હું મારું નિવેદન પાછું ખેચુછુ. વાત આવી ગઈ અને થઇ ગઇ, પરંતુ તે પરિવાર પર શું વીત્યું હશે તેનું દર્દ કોણ અનુભવી શકશે....? શહીદ કરેકરેના પરિવારમાં તેમના સંતાન છે, પત્ની છે તેમના પર શું વીતી હશે એ એક સાધ્વી શું જાણે....? સાધ્વી શ્રાપ આપે છે કે આશીર્વાદ.....?

સાધ્વી પ્રજ્ઞા નિર્દોષ છે તો તેને સરકારની વિરુદ્ધ કેસ કરી નાખવો જોઈએ અને મોટામાં મોટું વળતર પણ માંગવું જોઈએ કેમકે તેમના જીવનના કેટલાય વર્ષો જેલના સળિયા પાછળ વીતી ગયા. કેમકે તેમને કોઈ અપરાધ- કોઈ બોમ્બ ધડાકા કર્યા ન હતા. કરકરે તો એક અધિકારી હતા તેમને સરકારના કહેવાથી કર્યા હશે. આ સરકારમાં કેટલીયે તપાસ એજન્સી સરકારના કહેવાથી દરોડા પાડી રહી છે તો શું તેના માટે તેને દોષિત માની લેવામાં આવે.....?તેઓ સરકારના કહેવા પરથી કરી રહ્યા છે. એવી જ રીતે કરકરેએ પણ સરકારના નર્દેશ અનુસાર પોતાની ફરજ નિભાવી. તેમાં તેમને દોષ આપવો તે ઓછામાં ઓછું એક સાધ્વીને તો શોભાતુ નથી. છેલ્લા કેટલાક સમયથી જોવામાં આવે છે કે કેટલા એવા નિવેદન સાંભળવામાં આવેછે કે જે જીવીત નથી તેમના નિર્ણયો કે નિવેદનને લઈને ઘણુ બધુ કહેવામાં આવે છે. હવે તેનો ખુલાસો દેવા તેઓ ક્યાંથી આવશે....? સાધ્વીએ તો કરકરે અંગે ઘણુ બધુ કહ્યુ હવે તેનો જવાબ કોણ આપશે...?સાધ્વીએ શહીદનુ ઘોર અપમાન કર્યું પરંતુ તેને રાષ્ટ્રવાદી પક્ષે રોક્યા નહીં. શહીદ શહીદ માં ફર્ક માને છે રાષ્ટ્રવાદી પક્ષ....? આજ રીતે જો મારા શહીદોના અપમાન અને આંખો બંધ કરી સુતુ રહેશે દેશનુ સ્વમાન.....! ચૂંટણીઓ તો કાલે પૂરી થઈ જશે. બની શકે છે કે સાધ્વી ભોપાલથી જીતીને કાયદો બનાવવાવાળી સંસદની અંદર બેસશે પરંતુ શહીદ શહીદના ફર્કથી આગળ શું થશે એ તો કદાચ રામ લલ્લા પણ નહીં બતાવી શકે. કેમકે તેઓ પણ કહી રહ્યા હશે કે જે મને આજ સુધી નથી બતાવી શક્યા કે મંદિર ક્યારે બનશે તો હું શું બતાવું.....? પુલવામાં શહીદ થયેલ જવાનોના લોહી, લોહી હતું જ્યારે કે શહીદ કરકરેજીનું લોહી પાણી હતું....!

નોકરીમાંથી નિવૃત્તી પછી પણ જીંદગી સારી રીતે જીવવી છે તો આટલુ કરવુ પડશે

મારા એક વડિલ મિત્રનો સ્વભાવ છેલ્લાં કેટલાંક મહિનાથી બદલાઈ ગયો છે તેવી ફરિયાદ મારા મિત્રો અને ખુદ તેમના પરિવારની છે, વર્ષો સુધી સરકારી નોકરીમાં પોતાની સેવા આપનાર મારા આ વડિલ મિત્રને લાગી રહ્યું છે કે તેમના મિત્રો, તેમનો પરિવાર અને તેમના સિનિયર અધિકારીઓએ તેમની યોગ્ય કદર કરી નથી. આ લાગણીને કારણે મારા વડિલ મિત્ર હવે નાની નાની વાતોમાં ગુસ્સે થઈ જાય છે, તેમને તરત માઠુ લાગી જાય છે અને તેઓ નારાજ થાય એટલે તરત કહે છે કે હું નહીં હોઉં ત્યારે તમને મારી કિંમત સમજાશે, મારા વડિલ મિત્રનો આ વ્યવહાર એકદમ અનઅપેક્ષીત છે તેઓ પહેલા આવા ન્હોતા પણ થોડા મહિનાથી ક્રમશઃ તેમનો સ્વભાવ બદલાઈ રહ્યો છે જેના કારણે હવે તેમના નજીકના લોકો તેમનાથી દુર રહેવાનો પ્રયાસ કરે છે.

તેઓ આવુ કેમ કરી રહ્યા છે તેવું તેમને ખુદને અને તેમના નજીકના લોકોને ખબર પડતી નથી. પણ તેનું કારણ મારા વડિલ મિત્રની થોડા મહિના પછી સરકારી નોકરીમાંથી આવી રહેલી નિવૃત્તી છે, છેલ્લા ત્રીસ વર્ષથી ઘડિયાળાના કાંટે તેમની જીંદગી ચાલતી હતી. સવારે ઉઠવાથી લઈ, સાડા દસ વાગે ઓફિસ જવાનું, બે વાગે લંચબ્રેકમાં જમી લેવાનું, સાંજે છ વાગે ઘર તરફ પ્રયાણ કરવાનું વગેરે વગેરે કદાચ ઘડિયાળની સમય દર્શાવવામાં ભુલ કરી શકે પણ મારા મિત્ર ઘડિયાળ કરતા પણ વધુ ચોક્કસાઈથી પોતાની જીંદગી જીવ્યા છે. છેલ્લાં એક વર્ષથી તેમના મનમાં એક ગડમથલ ચાલી રહી છે કે હવે હું નિવૃત્ત થવાનો છું, પછી હું સવારે દસ વાગે ક્યાં જઈશ, જેની જીંદગીનો એક એ કલાકો નોકરી સાથે જોડાયેલો હતો, ઓફિસ પહોંચતા જુનિયર તેમને સાહેબ કહી સંબોધતા હતા. હવે થોડા મહિના પછી કોઈ તેમને સાહેબ કહેવાનું નથી, આવા અનેક પ્રશ્નોના ઉત્તર તેઓ શોધી રહ્યા છે.

જ્યારે તેમને આવા અનેક પ્રશ્નનો ઉત્તર મળતો નથી ત્યારે તેઓ નાના બાળકની જેમ નારાજ થઈ જાય છે અને તેમની નારાજગી ગુસ્સામાં પરિવર્તીત થાય થાય છે, મારા વડિલ મિત્ર જે સમસ્યામાંથી પસાર થઈ રહ્યા છે તેવી સમસ્યા નોકરીમાંથી નિવૃત્ત થનાર ૯૯ ટકા લોકો અનુભવતા હોય છે. નિવૃત્તી નોકરીમાંથી થઈ રહી છે, તેના પછી પણ જીંદગી ચાલતી રહેવાની છે. આટલી સામાન્ય સમજ તો તેમને છે, પણ સમસ્યા સાથે એક જ સરખી ઘરેડમાં ચાલતી જીંદગીની હવે ઉંમર છેલ્લા પડાવ ઉપર બદલવી પડશે તે પ્રશ્ન છે, કાઈમ રિપોર્ટીંગ કરતા મને ત્રીસ વર્ષ થઈ ગયા, મેં અનેક પોલીસ અધિકારીઓને નિવૃત્ત થતાં જોયા છે, તેઓ પોલીસ અધિકારીઓ તરીકે શ્રેષ્ઠ અધિકારીઓ હતા પણ તેમનું નિવૃત્ત જીવન સારૂ કહેવાય તેવું ન્હોતું, પોલીસની નોકરીમાં સતત રજળપાટ અને દોડધામ સાથે તણાવ પણ હતો, પણ કદાચ રજળપાટ-દોડધામ અને તણાવ જ તેમની જીંદગીઓનો ઓકસીઝન હતો.

પોલીસની નોકરીમાંથી નિવૃત્ત થયા પણ તેઓ બધી બાબતથી મુકત થઈ ગયા, હવે તેમને મોડી રાત્રે કોઈ ફોન કરતું નથી, સાહેબ મારૂ એક કામ છે મને મદદ કરો તેવી કોઈ આજીજી કોઈ કરતુ નથી, કોઈ પણ પ્રકારનો તણાવ નથી છતાં તેમની જીંદગી હવે તેમને જીવવા જેવી લાગતી નથી. મેં અનેક નિવૃત પોલીસ અધિકારીઓને તેમની નિવૃત્તી પછી તરત જ મૃત્યુ પામતા જોયા છે. જ્યારે ખરેખર તેમને પોતાના પરિવાર સાથે જીવવાનો વ્યવસ્થાએ સમય આપ્યો ત્યારે તેઓ નિરાશ થઈ ગયા અને મૃત્યુ પામ્યા, આવું પોલીસ સાથે જ થાય છે તેવું નથી ઘણા બધા સરકારી-ખાનગી વિભાગમાંથી નિવૃત્ત થતા અધિકારીઓ આ માનસીક યાતનામાંથી પસાર થાય છે પણ આવું થાય છે તો તેનો ઉપાય શું તે પણ એક મહત્વનો પ્રશ્ન છે.

મને લાગે છે કે, જેઓ સરકારી-ખાનગી નોકરીમાં ઉચ્ચ પદ ઉપર હોય છે અને જેમને રોજબરોજ સામાન્ય માણસો સાથે કામ લેવાનું હોય છે. તેઓ પોતાના નોકરીકાળમાં તેમને પોતાના પદને કારણે મળતા માનને કારણે ભુલી જાય છે કે એક દિવસ તેમને આ ખુરશી છોડી દેવી પડશે, તેમની પહેલા કોઈએ આ ખુરશી ખાલી કરી અથવા ખાલી થઈ તેના કારણે તેઓ આ ખુરશી ઉપર બેઠા છે, એક દિવસ તેમને પણ આ ખુરશી ખાલી કરી પડશે અને કોઈ નવો યુવાન આવી અહિયા બેસશે. મોટા ભાગના સરકારી-ખાનગી અધિકારીઓ માને છે કે તેઓ તેમને સોંપવામાં આવેલું કામ પુરી નિષ્ઠા અને ઈમાનદારીપુર્વક કરે છે, આવું તેઓ માને તેની સામે પણ વાંધો નથી પણ તે માનવા લાગે છે કે તેઓ જે કામ કરી રહ્યા છે તેવું કામ તેમના સિવાય બીજુ કોઈ કરી શકે તેમ નથી.

આમ અમલદાર પોતાની અંદર રહેલા નાનકડા અહંમને પોતે જ પંપાળવાની શરૂઆત કરે છે. જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ પેલો અહંમ પણ મોટો થાય છે. જેના કારણે તે અધિકારી માનવા લાગે છે કે નવી પેઢી પોતાના જેવી કામ અને મહેનત કરતી નથી અને પોતે જ્યારે આ ખુરશી છોડશે ત્યારે બધુ કામ ઠપ્પ થઈ જશે. વાત અહિયા અટકતી નથી નિવૃત્તી પછી પોતાના વગર પણ બધુ યથાવત ચાલી રહ્યું છે તેવી ખબર પડે છે ત્યારે વધારે આઘાત લાગે છે. નોકરી દરમિયાન સતત સાહેબ સાહેબના ઘોંઘાટમાં જીવવા ટેવાયેલા કાનને હવે કોઈ સાહેબ કહેતું નથી, કોઈ મળવા આવતુ નથી, અરે... કેમ છો પુછવા કોઈ જતુ નથી. તેનું એક અને મહત્વનું કારણ જ્યારે સાહેબ- સાહેબ હતા ત્યારે તેઓ કાયમ સાહેબ રહેવાના નથી તે વાત ભુલી ગયા હતા જેના કારણે હવે જ્યારે તેઓ પોતાની જુની ઓફિસમાં જાય છે ત્યારે કોઈ તેમને જોઈ ઊભા થતા નથી આ બાબત હવે તેમને ડંખે છે.

નિવૃતીમાં પણ જીવવાની મઝા પડે તે માટે નોકરીચાલુ હોય ત્યારે એકાદ ગમતુ કામ પણ શોધી લેવું પડે, તે કામ તમારો શોખની કોઈ બાબત પણ હોઈ શકે છે, નિવૃત્તી પછી પૈસાની કદાચ જરૂર ના પણ હોય છતાં પ્રવૃત્તી રહે તેવું કામ હોવું જોઈએ, પણ નિવૃત્તીના પાંચ-દસ વર્ષ પહેલા તેની શરૂઆત કરવી પડશે, નોકરી દરમિયાન જ મનમાંથી એક ભ્રમ કાઢી નાખજો કે મારા વગર પણ દુનિયા અને ઓફિસ ચાલતી હતી અને મારા ગયા પછી પણ બધુ પહેલા જેવું અથવા હું કરતો હતો તેના કરતા પણ ઉત્તમ ચાલતુ રહેશે. જીંદગીને મઝાની બનાવવા માટે તમારે જ કોઈ બહાનું ઊભું કરવુ પડશે તો નિવૃત્તી પછી પણ જીંદગી કેવી હોય તેનું ઉદાહરણ બનવા માટે જીંદગી મોજથી જીવવી પડશે.

મારા સિનિયર આઈપીએસ મિત્ર છે તેઓ વર્ષો પહેલા નિવૃત્ત થઈ ગયા, પૈસાપાત્ર અને સુખી છે, મેં એક દિવસ તેમની લકઝુરીયસ કારના ડેસ બોર્ડ ઉપર પોલીસનો ડંડો જોયો. મેં તેમને પુછ્યું સાહેબ આ ડંડો કેમ રાખ્યો છે, તેમણે કહ્યું પાંત્રીસ વર્ષ પોલીસમાં નોકરી કર્યા પછી પેલો અંદરનો પોલીસવાળો મારો પીછો છોડતો નથી. પછી મારા કાન પાસે મોંઢુ લાવી કહ્યું મને કોઈ સાહેબ કહે તે માટે બે નિવૃત્ત પોલીવાળાને મારા બંગલે નોકરી રાખ્યા છે. આખી જીંદગી સલામો જીલી અને સાહેબ સાહેબ સાંભળ્યું છે મરતી વખતે પણ સાહેબ ગયા તે સાંભળવુ છે.

ભાજપના સિનિયર અને આધેડ મંત્રીનું સેક્સ રેકેટ ખુદ મંત્રીની પત્નીએ જ પકડયુ

કોઈ પણ પક્ષનો નેતા અનૈતિક સંબંધ બાંધે તેમાં તેનો પક્ષ જવાબદાર હોતો નથી, પરંતુ નેતાના કરતુતને કારણે પક્ષ શોભજનક સ્થિતિમાં જરૂર મુકાઈ જાય છે, આવુ જ કઈ લોકસભાની ચૂંટણી પહેલા ભાજપના એક સિનિયર મંત્રીના સેક્સ રેકેટનો પદર્ફાસ ખુદ મંત્રીની પત્નીએ જ કર્યો હતો. જો કે મંત્રીના પત્નીને જ્યારે પોતાના પતિની લંપટ લીલાની ખબર પડે ત્યારે જાણે આગનો ગોળો ફાટયો હોય તેમ મંત્રીના પત્નીએ પોતાના પતિ અને તેમની સાથે સંબંધ રાખનાર મહિલા ઉપર ફોન ઉપર અહિયા લખી શકાય નહીં તેવા શબ્દોનો પ્રયોગ કરી રીતસર ધમકાવી નાખ્યા હતા, પરંતુ આશ્ચર્ય તે બાબતનું છે કે આ તમામ ફોન ઉપરના સંવાદો વાયરલ થઈ ગયા છે.

સોશ્યલ મીડિયા ઉપર વાયરલ થયેલા મંત્રી, તેમના પત્ની અને પહેલી મહિલા વચ્ચેના ટેલીફોનીક સંવાદોના પાંચ ઓડીયો છે, જે અમારી પાસે પણ છે પરંતુ આ ટેલીફોનીક સંવાદો અત્યંત નીમ્ન કક્ષાના હોવાને કારણે અમે અહિયા તે મુકી શકતા નથી, પરંતુ ભાજપના સિનિયર મંત્રી પોતાની દીકરી સમાન યુવતી સાથે કેવો સંબંધ ધરાવે છે તે સ્પષ્ટ થાય છે. પહેલો ઓડીયો આ મહિલા અને સિનિયર મંત્રીનો છે જેમાં મંત્રી અને મહિલા પોતાના પ્રેમની વાત કરે છે, જેમાં મંત્રી મહિલાને અંગતપળોમાં જે શબ્દનો પ્રયોગ કરે તેવા શબ્દોનો પ્રયોગ કરે છે, મહિલા લાડમાં કહે છે સવારના સમયે ભગવાનનું નામ લેવાય આવા શબ્દો ન વાપરો છે. મહિલા કહે છે કે હું તમારો ભુતકાળ છું, તમારો વર્તમાન અને ભવિષ્ય પણ હું જ છું.


મંત્રી તે વાતનું સમર્થન આપતા કહે છે હું તને પ્રેમ કરતો હતો, પ્રેમ કરૂ છું અને પ્રેમ કરતો રહીશ, જો કે બીજો ઓડીયો ગુસ્સામાં શરૂ થાય છે. મંત્રીની પત્ની મંત્રીની પ્રેમીકાને ફોન કરી કહે છે મારે તારા પતિ સાથે વાત કરવી છે મને તેનો નંબર આપ, જો કે ત્યારે મંત્રીની પ્રેમીકા કારમાં મુસાફરી કરતી હોવાને કારણે પુષ્કળ પ્રમાણમાં પવનનો અવાજ સંભળાય છે, તો પણ મંત્રીના પત્ની પ્રેમીકા ભાંડવાનું શરૂ કરે છે, અને પ્રેમીકા ઉપર આરોપ મુકે છે કે મને એક પત્ર મળ્યો છે તેમાં તારો અને મારા પતિના સંબંધોની વાત છે, મંત્રીની પત્ની સામે છેડે રહેલી યુવતીની ધંધાવાળી કહી સંબોધન કરે છે. મંત્રીની પત્ની આરોપ મુકે છે તમે જાહેરમાં પિતા-પુત્રી હોવાનો દાવો કરો છો, પણ તમારા શારિરીક સંબંધોની મને ખબર છે, સંવાદમાં બંન્ને તરફથી અશ્લીલ સંવાદ પણ થાય છે.

ચોથો ઓડીયો મંત્રી અને તેમની પત્ની વચ્ચેનો છે, જેમાં મંત્રી પોતાનો બચાવ કરે છે અને તેમને તે યુવતી સાથે કોઈ જ પ્રકારનો સંબંધ હોવાની વાત નકારી કાઢે છે અને પત્નીને ભરોસો અપાવવા માટે પોતાના ગુરૂજીના સોંગદ ખાય છે, પણ મંત્રીની પત્ની તેમના ઉપર ભરોસો કરતી નથી અને તે કહે છે હવે હું વૃધ્ધ થઈ ગઈ હોવાને કારણે તમે નાની ઉંમરની સ્ત્રીઓ પાસે જાવ છો, આ સંવાદમાં મંત્રીની પત્ની મંત્રીની પ્રેમીકા માટે અનેક ગંદા શબ્દોનો પ્રયોગ કરે છે. મંત્રી અને તેમની પ્રેમીકા બેગ્લોર સાથે ગયા હોવાની વાત પણ આવે છે, જો કે મંત્રી બેગ્લોર ગયા હોવાનો ઈકાર કરે છે, આમ મંત્રીની પત્ની પોતાના પતિને તેમના લફડા અંગે એક પછી એક પુરાવા આપે છે પણ મંત્રી તે સ્વીકારવા તૈયાર નથી.

મંત્રીની પત્ની પોતાના પતિ સમક્ષ શંકા વ્યકત કરે છે કે તેમની પ્રેમીકાએ વશીકરણ કરવા માટે કોઈ પીર પાસેથી કઈક લાવી તેમને ખવડાવી દિધુ છે જેના કારણે તેઓ ઈચ્છે તો પણ પ્રેમીકાથી છુટી શકતા નથી, મંત્રી પોતાની પ્રેમીકાથી ખુબ ડરી રહ્યા છે અન પ્રેમીકા મંત્રીની રાજકીય કારકીર્દી ખતમ કરી નાખશે તેવો ડર હોવાને કારણે મંત્રી માટે પ્રેમીકા મજબુરી થઈ ગઈ હોવાનું મંત્રીની પત્ની માને છે, મંત્રની પત્ની પોતાની પતિને પુછે કે તે કોઈ અંગતપળનો વીડિયો તમારી પ્રેમીકા પાસે છે જેના આધારે તે તમને બ્લેકમેઈલ કરી રહી છે પણ મંત્રી તે બાબત નકારી કાઢે છે. સંવાદમાં અંજાર અને ભુજનો પણ ઉલ્લેખ આવે છે. જો કે મંત્રી- તેમના પત્ની અને મંત્રીની પ્રેમીકાના વિડીયો જાહેર કેવી રીતે થયા તે હજી સ્પષ્ટ થયુ નથી.

અત્રે ઉલ્લેખનિય છે કે ભાજપના નેતા જયંતિ ભાનુશાળી અને તેમના સ્ત્રી મિત્ર વચ્ચેના આ પ્રકારના જ વીડિયો જાહેર થયા હતા, ત્યાર બાદ ભાજપના જ નેતા છબીલ પટેલ સામે દુષ્કર્મની ફરિયાદ થઈ અને ત્યાર બાદ છબીલ પટેલ દ્વારા જયંતિ ભાનુશાળીની હત્યા કરાવી દેવામાં આવ હતી. હવે ભાજપના આ સિનિયર મંત્રીની પ્રેમલીલા ચૂંટણી વખતે ભાજપને પરેશાન કરી રહી છે.

નિર્માતા જેવો રુઆબ દેખાડવાનું મારા સ્વભાવમાં નથીઃ વરુણ ધવન



મુંબઈ

મોખરાના અભિનેતા વરુણ ધવને કહ્યું હતું કે મારા પિતાએ ગોવિંદાને લઈને બનાવેલી હિટ કોમેડી ફિલ્મ કૂલી નંબર વનની રિમેક નિર્માતા તરીકે હું બનાવવાનો છું.

'જો કે સેટ પર હું નિર્માતા જેવો વર્તાવ નહીં કરું. ગોવિંદાનો મુખ્ય રોલ હું કરીશ પરંતુ સેટ પર મારો વર્તાવ નોર્મલ રહેશે. સેટ પર દાખડો કરવાનું કે હુકમબાજી ચલાવવાનું મારા સ્વભાવમાં નથી' એમ વરુણે કહ્યું હતું. એક ઈન્ટરવ્યૂમાં વરુણે કહ્યું કે બહુ નજીકના ભવિષ્યમાં હું પ્રોડયુસર બનવા જઈ રહ્યો છું. પરંતુ બેઝિકલી હું અભિનેતા જ રહીશ. નિર્માતા જેવો રુઆબ દેખાડવાનું મારા સ્વભાવમાં નથી. હું એક્ટર છું અને એક્ટર રહીશ.

એણે કહ્યું કે હું મારા ગૉડફાધર જેવા કરણ જોહર પાસેથી શીખ્યો છું કે ફિલ્મના દરેક પાસામાં સર્જકે પોતે સહભાગી થવું જોઈએ. હું મારી ફિલ્મના દરેક પાસામાં સહભાગી થઈશ.



બોલીવુડના અભિનેતા અરબાઝ ખાન, તનુજ વીરવાની, ફેડી દારુવાલા, અભિનેત્રી રિયા સેન, આર્કાના ગુપ્તા અને મોડેલ પ્રણિતિ રાય મુંબઈમાં તેમની આગામી વેબ-શ્રેણી 'પોઇઝન' માટે પ્રેસ કોન્ફરન્સમાં.

'બ્રહ્માસ્ત્ર'માં રણવીર સાથે કામ કરવા મેં વિનંતી કરી'તીઃ આલિયા ભટ્ટ

મોખરાની ગણાતી અભિનેત્રી આલિયા ભટ્ટે કહ્યું હતું કે મેં ફિલ્મ સર્જક અયાન મુખરજીને વિનંતી કરી હતી કે બ્રહ્માસ્ત્રમાં મને રણબીર કપૂર સાથે કામ કરવાની ઈચ્છા છે, મને રોલ આપો. એક ઈન્ટરવ્યૂમાં ખુદ આલિયાએ આ વાત પહેલીવાર જાહેર કરી હતી. યોગાનુયોગે આ ફિલ્મમાં સાથે કામ કરતાં કરતાં આલિયા અને રણબીરનાં મન મળી ગયાં અને બંને પ્રેમમાં પડયાં એ હકીકત હવે તો જગજાહેર છે. હોલિવૂડની સુપરમેન અને આયર્ન મેન જેવી સુપરહીરો ફિલ્મોની જેમ ઈન્ડિયન સુપરહીરોની ફિલ્મ ટ્રિલોજી બનાવવાની ખમતીધર ફિલ્મ સર્જક કરણ જોહરની યોજના હતી. આલિયાએ કહ્યું કે અયાન જ્યારે યહ જવાની હૈ દિવાની બનાવી રહ્યા હતા ત્યારે જ તેમના મનમાં બ્રહ્માસ્ત્રની સ્ટોરી રમતી હતી. એમણે આ ફિલ્મ બનાવવાની યોજના ઘડી એની માહિતી મને મળતાં મેં એમને વિનંતી કરી હતી કે મારે રણબીર કપૂર સાથે કામ કરવું છે. મને તમારી ફિલ્મમાં રણબીર સાથે સાઈન કરો.





'ઠાકરે' માટે અમૃતા રાવને દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળ્યો

એક્ટ્રેસ અમૃતા રાવે શિવ સેનાના ચીફ બાલ ઠાકરેના જીવન પર બનેલી ફિલ્મ 'ઠાકરે'માં મીનાતાઈનો રોલ ભજવ્યો હતો. તેને આ એવોર્ડ મરાઠી સિનેમામાં ડેબ્યૂ માટે અને આ ફિલ્મના પરફોર્મન્સ માટે અપાયો છે. આ બીજી વાર છે કે તેને વિવાહ ફિલ્મ પછી આ એવોર્ડ મળ્યો હોય. ઠાકરે હિન્દી અને મરાઠી એમ બે ભાષામાં બનેલી ફિલ્મ છે. ફિલ્મ આ વર્ષની શરૂઆતમાં રિલિઝ થઈ હતી. અમૃતા કહે છે કે, 'દાદસાહેબ ફાળકે ભારતીય સિનેમાના પિતા છે. મારા મરાઠી ડેબ્યૂ માટે તેમના નામનો એવોર્ડ મેળવવો મોટી વાત છે.'

ફિલ્મોમાં કામ કરવાની વાત હોય તો આ એક્ટ્રેસ હંમેશા તેના પ્રોજેક્ટ્સ પસંદ કરવામાં ચૂઝી રહી છે. તે કહે છે મેં એક ફિલ્મ સાઈન કરી છે. જેની ટૂંકમાં જાહેરાત થશે. અત્યારે તે સ્ક્રીપ્ટ્સ વાંચવા અને નેરેશન્સ સાંભળવામાં બિઝી છે. તે જણાવે છે કે, 'મને હવે ઘણી ઓફર્સ મળી રહી છે. પણ, સૌથી સારી વાત એ છે કે લોકોને બ્રેક પછી મારી સ્ક્રીન પ્રેઝન્સ ગમી રહી છે. મેં ટાઈપકાસ્ટ થાય તેવી ઘણી મોટી ફિલ્મોને ના પાડી છે.

૨૦૨૦માં અર્જુન કપૂર ફરી એકતા કપૂર સાથે કામ કરશે



હોનહાર અભિનેતા અર્જુન કપૂર ફરી એકવાર બાલાજીની સર્વેસર્વા એકતા કપૂર સાથે કામ કરશે એવી જાણકારી મળી હતી. અત્યાર અગાઉ આ બંનેએ ૨૦૧૭માં સાથે કામ કર્યું હતું.

ચેતન ભગતની નવલકથા હાફ ગર્લફ્રેન્ડ પરથી એકતાએ બનાવેલી ફિલ્મમાં અર્જુન કપૂર હીરો તરીકે ચમક્યો હતો. એ ફિલ્મે બોક્સ ઑફિસ પર ૫૦ કરોડની કમાણી કરી હતી અને મધ્યમ સફળતાને વરી હતી. હવે ત્રણ વર્ષના સમયગાળા બાદ ફરી બંને સાથે કામ કરવાનાં છે. આ અંગે મળેલી માહિતી મુજબ હાલ તો અર્જુન કપૂર પાસે તારીખો ખાલી નથી પરંતુ ૨૦૨૦માં એ એકતા કપૂર સાથે ફરી કામ કરશે.

એકતાએ તાજેતરમાં મોહિત સૂરીના બર્થ ડે પર એક ફોટોગ્રાફ સોશ્યલ મિડિયા પર શેર કર્યો હતો અને લખ્યું હતું કે એક ખૂબજ સરસ સ્ક્રીપ્ટની અમે બંનેએ ચર્ચા કરી હતી. આ સ્ક્રીપ્ટ પરથી એકતા જે ફિલ્મ બનાવવા ધારે છે એમાં અર્જુન કપૂરને હીરો તરીકે લે એવી શક્યતા હોવાનું આ રિપોર્ટમાં જણાવાયું હતું. હાલ અર્જુન કપૂરની ઈન્ડિયાઝ મોસ્ટ વોન્ટેડ ફિલ્મ રજૂઆતને આરે છે.



રિયલ લાઈફમાં પણ વિદ્યા બાલન રેડિયો જોકી બની

'મુન્ના ભાઈ એમબીબીએસ' અને 'તુમ્હારી સુલુ' ફિલ્મમાં રેડિયો જોકી (આરજે)નો રોલ નિભાવનારી વિદ્યા બાલન હવે રિયલ લાઈફમાં આરજે બની ગઈ છે. મુંબઈના એક એફએમ રેડિયો સ્ટેશન પર વિદ્યા બાલનનો ૨૫ માર્ચથી ડેઈલી ઈવનિંગ શો 'ધૂન બદલ કે તો દેખો વિથ વિદ્યા બાલન' શરૂ થયો છે. આ રેડિયો શો માટે વિદ્યાએ રેપ સોન્ગ પણ ગાયું છે. કરિના કપૂર બાદ રેડિયો જોકી બનનારી વિદ્યા બાલન બીજી એક્ટ્રેસ બની છે. કરિના કપૂર 'વ્હોટ વિમેન વોન્ટ' શો હોસ્ટ કરતી હતી.

આરજે વિદ્યા બાલને આપેલી 'ધૂન બદલો ચેલેન્જ' સ્વીકારતાં આયુષ્માન ખુરાનાએ એને ઓલ ધ બેસ્ટ કહ્યું હતું. આયુષ્માન ખુરાનાએ પોતાનાકરિયરની શરૂઆત આરજે તરીકે જ કરી હતી. આયુષ્માન ખુરાનાનો ભાઈ અપારશક્તિ ખુરાના પણ આરજે હતો. ઉપરાંત મનીષ પોલ પણ પહેલાં આરજે હતો. સંજય દત્તના પિતા સુનિલ દત્ત પણ રેડિયો પ્રેસન્ટર હતા.

૨૩મી એપ્રિલે યોજાનારા લોકશાહીના મહાઉત્સવમાં સૌ મતદારોને ભાગીદાર બનવા જણાવતા જિલ્લા ચૂંટણી અધિકારી



વલસાડ જિલ્લા ચૂંટણીતંત્ર સજજ : ચૂંટણી પ્રક્રિયાને આખરીઓપ : જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

૨૬-વલસાડ (અ.જ.જા) બેઠકમાં ૧૬,૭૦,૮૬૧ મતદારો માટે ૨૦૫૭ મતદાન મથકો : ૧૦૮૨૦ પોલિંગ સ્ટાફ અને ૫૦૮૧ જેટલા પોલીસ જવાનો ફરજ બજાવશે : ૩૩ સખી અને ૬ દિવ્યાંગ મતદાન મથકો રહેશે

વલસાડ

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ની ૨૬-વલસાડ(અ.જ.જા) બેઠક માટેની ચૂંટણીનો આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તા.૨૩મી એપ્રિલે યોજાનાર મતદાન પૂર્વેની તૈયારીઓથી વલસાડ જિલ્લા ચૂંટણી અધિકારી સી.આર.ખરસાણની રાહબરી હેઠળ જિલ્લા ચૂંટણીતંત્ર સજજ બની રહ્યું છે. તે અંગેની જાણકારી આપવા જિલ્લા ચૂંટણી અધિકારી સી.આર.ખરસાણાની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

મીડિયાકર્મીઓને વિગતો આપતાં જિલ્લા ચૂંટણી અધિકારી સી.આર.ખરસાણે જણાવ્યું હતું કે, ૨૩મી એપ્રિલે લોકશાહીના આ મહાઉત્સવમાં સૌ મતદારોએ ભાગીદાર બની પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ. ચૂંટણી ન્યાયી, નિષ્પક્ષ અને મુકત વાતાવરણમાં યોજાય, ચૂંટણી મતદાન પ્રક્રિયામાં કોઇ ક્ષતિ રહી ન જાય તે માટે મતદાન સ્ટાફને સંપૂર્ણપણે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. ઈવીએમ-વીવીપેટનું રેન્ડેમાઈઝેશન રાજકીયપક્ષોની હાજરીમાં કરવામાં આવ્યું હોય તેમાં ગેરરીતિનો અવકાશ રહેતો નથી. જિલ્લા ચૂંટણી અધિકારીએ સખી અને દિવ્યાંગ મતદાન મથકો સહિતની તમામ જાણકારી પત્રકારમિત્રોને પુરી પાડી હતી.

૨૬- વલસાડ (અ.જ.જા) બેઠક માટે ૮૫૩૦૩૧ પુરૂષ, ૮૧૭૮૨૩ મહિલા અને ૧૪ અન્ય મળી કુલ ૧૬૭૦૮૬૪ મતદારો નોંધાયા છે. ગત લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪ કરતા ૧૫૮૯૦૫ મતદારોનો વધારો થયો છે. આ બેઠકમા માટે ૨૦૫૭ મતદાન મથકો ઉપર ૧૦૮૨૦ પોલિંગ સ્ટાફ, ૨૬૦ ઝોનલ ઓફિસર, ૨૬૦ આસીસ્ટન્ટ ઝોનલ, ૨૬૦ રૂટ સુપરવાઈઝર અને ૧૨૮ માઈક્રો ઓબ્ઝર્વર તેમજ ૫૦૮૧ જેટલા પોલીસ જવાનો ફરજ બજાવશે.

૨૦૫૭ મતદાન મથકો પૈકી ૩૩ મહિલા મતદાન મથકોમાં તમામ સ્ટાફ મહિલાઓ અને ૬ દિવ્યાંગ મતદાન મથકોમાં તમામ સ્ટાફ દિવ્યાંગો રહેશે. ૧૨૮ મતદાન મથકો ઉપર માઈક્રો ઓબ્ઝર્વર, ૧૧૨ મતદાન મથકો ઉપર વિડીયોગ્રાફી અને ૧૩૭ મતદાન મથકો ઉપર વેબકાસ્ટિંગ કરાશે. આ મતદાન પ્રક્રિયામાં ૨૫૦૯ - બેલેટ યુનિટ, ૨૫૦૪ કંટ્રોલ યુનિટ અને ૨૫૯૫ વીવીપેટની ફાળવણી કરવામાં આવી છે. પ્રત્યેક ઝોનલ અધિકારી પાસે જરૂરિયાત મુજબના વધારાના બેલેટ, સીયુ અને વીવીપેટ રહેશે, જે કોઈ જગ્યાએ ઈવીએમ ખોટકાય ત્યારે તેની બદલી કરવા માટે ઉપયોગમાં લેવાશે.

આ અવસરે જિલ્લા પોલીસ અધિક્ષક સુનિલ જોશીએ પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો આપી હતી.

આ કોન્ફોરન્સમાં જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઈ, નિવાસી અધિક કલેકટર કમલેશ બોર્ડર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કે.આર. પટેલ, ચૂંટણી મામલતદાર કૃતિકા વસાવા, પ્રાંત અધિકારી કે.જે.ભગોરા, નાયબ માહિતી નિયામક એમ.અસ.વળવી સહિત જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૫મીએ તમાકુ નિયંત્રણ કમિટીની બેઠક મળશે

વલસાડ

વલસાડ જિલ્લા તમાકુ નિયંત્રણ કમિટી અંતર્ગત જિલ્લા કક્ષાની સ્ટીયરિંગ કમિટીની બેઠક કલેકટર સી.આર.ખરસાણાના અધ્યક્ષસ્થાને તા.૨૫-૦૪-૨૦૧૯ના રોજ સાંજે ૪.૦૦ કલાકે કલેકટર કચેરી વલસાડના સભાખંડ ખાતે મળશે. જેમાં સમિતિના કાર્યો, ધુમ્રપાન નિષેધ નિયમભંગ માટે કાર્યવાહી, માસિક રિપોર્ટ, તથા અધ્યક્ષસ્થાનેથી રજુ થતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે.

નિરંકારી મંડળ દ્વારા તા.૨૪મીએ માનવ એકતા દિવસની ઉજવણી

નિરંકારી ભક્તો કરશે સ્વૈચ્છીક મતદાન

સુરત

સંત નિરંકારી મિશન ના પૂર્વ માર્ગદર્શક યુગપર્વતક બાબા ગુરબચન સિંહ જી મહારાજ ની સ્મૃતિ માં ૨૪ એપ્રિલ એ માનવ એકતા દિવસ મનાવવા માં આવશે.

દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓનકાર સિહ જી એ જણાવ્યું કે ૨૪ એપ્રિલ બુધવારે માનવ એકતા દિવસ પર સાંજે ૪ વાગ્યા થી સરિતા સાગર સંકુલ ટ્રસ્ટ, સ્વામિનારાયણ મંદિર પાસે, અડાજણ પર વિશાળ સત્સંગ નું આયોજન કરી બાબા ગુરબચન સિંહ જી મહારાજ તથા મહાન સેવાદળ ચાચા પ્રતાપ સિંહ જી સહિત બધા બલિદાની સંતો ના તપ ત્યાગ અને માનવ કલ્યાણ ની ભાવના નું સ્મરણ કરવામાં આવશે. આ અવસર પર સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા વિશાળ રક્તદાન શિબિર નું આયોજન પણ કરવામાં આવશે. જેમાં હજારો નિરંકારી ભક્ત માનવહિત માં રક્તદાન કરશે. એમણે જણાવ્યું કે સદ્‌ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ ની પ્રેરણા થી દેશ ના વિભિન્ન શહેરો ની સાથે સુરત માં પણ રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવશે.

મતદાનના દિવસે કારખાના બંધ રાખવા ડાયમંડ એસો.ની અપીલ

તા.૨૩'મીના રાષ્ટ્ર પર્વે ૧૦૦ ટકા મતદાન કરો : બાબુભાઈ ગુજરાતી

સુરત

સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા સમગ્ર ગુજરાત અને ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા દરેક લોકોને વિનંતી કરે છે કે ગુજરાતમાં દેશની લોકસભાની ચૂંટણીનું મતદાન તા.૨૩-૪-૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૭.૦૦ થી ૬.૦૦ રાખવામાં આવેલ છે અને આ દિવસને સૌ રાષ્ટ્રપર્વ સમજી ૧૦૦ ટકા મતદાન કરે તેવી સુરત ડાયમંડ એસોસિએશનના હોદેદારો તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ સાથે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા દરેક વેપારીઓ તથા મેન્યુફેકચર્સ પોતાના કારખાનાનો સમય અનુકૂળ કરી રત્નકલાકારો આ પર્વનો લાભ લઈ શકે તે માટે આ દિવસે રજા રાખે તેવી નમ્ર અરજ કરીએ છીએ.

આપણે જન્માષ્ટમી, નવરાત્રિ, હોળી, ઉત્તરાયણ વગેરે પર્વ ઉત્સાહથી મનાવીએ છીએ તેમ આ રાષ્ટ્રપર્વને સમજી દરેક વડીલો, ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારી મિત્રો અને રત્નકલાકારો વધારેમાં વધારે માત્રામાં મતદાન કરે તેવી નમ્ર અપીલ કરવામાં આવી છે.

મતદાન મથકે અવર-જવર માટે વાહનોના ઉપયોગ ઉપર નિયંત્રણ

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણીના સરળ સંચાલન અને આચારસંહિતના સંદર્ભમાં ચૂંટણીપંચના આદેશ અનુસાર વાહનોના દુરુપયોગ ઉપર નિયંત્રણ મૂકવા અને કાયદો વ્યવસ્થાની જાળવણીના હેતુસર પ્રતિબંધ મૂકવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું જરૂરી જણાતા જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણે વલસાડ જિલ્લામાં તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ નીચે જણાવેલ કૃત્ય કરવા નિયંત્રણો મૂક્યાં છે. જે અનુસાર મતદાનના દિવસે ઉમેદવાર પોતાના ઉપયોગ માટે એક વાહન તથા મતદાર વિભાગમાં ચૂંટણી એજન્ટ અથવા તેના કાર્યકરો અથવા પક્ષીય કાર્યકરો માટે ચૂંટણી અધિકારી દ્વારા અપાયેલ પરમીટ ધારણ કરેલ એક જ વાહન વાપરી શકાશે. વધુમાં આ વાહન ઉપર પરમીટ નંબર ફરજીયાત પ્રદર્શિત કરવાનો રહેશે, આ વાહનમાં ઉમેદવાર/ મતદાન એજન્ટ/ પક્ષીય કાર્યકરો મતદારોને લાવવા- લઈ જવા માટે- અસામાજિક તત્ત્વોની હેરફેર માટે- ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકશે નહીં. વ્યકિત પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં મતદારોની હેર-ફેર કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકશે નહીં, પરંતુ વાહનનો પોતાના અને ફકત કુટુંબના વ્યકિતઓ પૂરતો મર્યાદિત ઉપયોગ કરી શકશે.

નવસારીના દિવ્યાંગો દ્વારા અચૂક મતદાન કરવા સંકલ્પ જાહેર કર્યો

મૂક બધિરોએ સાઈન લેંગ્વેજમાં સંકલ્પ કર્યો

નવસારી

મમતા મંદિર, વિજલપોર-નવસારી ખાતે મતદારો માટે જાગૃતિ અંગે સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં નવસારી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી મહેશભાઈ, જિલ્લા આઈકોન શ્રી બોમી જાગીરદાર, માનવ કલ્યાણ ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ પટેલ, ગાંધીઘર કછોલીના ટ્રસ્ટશ્રી મનોજભાઈ નાયક ઉપસ્થિત રહયા હતાં.

આ પ્રસંગે અંધજન શાળાના ટ્રસ્ટી શ્રી જયપ્રકાશ મહેતાએ જણાવ્યું હતું કે, લોકશાહી શાસન પધ્ધતિ સ્વીકારી આપણે આપણા શાસનકર્તાને નકકી કરવાનો-ચુંટવાનો અધિકાર મેળવ્યો છે. દુનિયાના ખૂબ ઓછા દેશોના નાગરિકોને આ અધિકાર પ્રાપ્ત થયો છે. તેની આપણી ફરજ બને છે કે આ અધિકારનો ખૂબ જ સમજપૂર્વક ઉપયોગ કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રોહિતભાઈ ચૌધરીએ મતદાન અધિકારની માહિતી આપી દિવ્યાંગો માટે કરેલ ખાસ વ્યવસ્થાઓની વાતો કરી હતી. દિવ્યાંગતાને અભિશાથ ન સમજો, તેમણે સિધ્ધિ અને સફળતા પ્રાપ્ત કરવા વિદ્યાર્થીઓને દિવ્યાંગોની વાતો ધ્વારા પ્રેરણા પૂરી પાડી હતી. મૂકબધિર દિવ્યાંગોએ સાઈન લેંગ્વેજ-અભિનયી ભાષામાં સંકલ્પ લીધા હતાં. મમતા મંદિરના એક વેળાના વિદ્યાર્થી શ્રી વેલજીભાઈએ કહયું કે, મતદાન કરવા તેઓ વતન કચ્છમાં જઈ, મતદાન કરશે. બીજા દિવ્યાંગોએ પણ કહયું કે, અમે અમારા ગામમાં જયાં અમારા નામો નોંધાયેલ છે. ત્યાં જઈને મતદાન કરીશું. બાળકોને શ્રી પ્ર.સ.કોઠારી બહેરા-મૂંગા શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી રમુભાઈ ભાલિયા અને આચાર્ય શ્રી ધૃવિતાબેન માર્ગદર્શન આપી મતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

નવસારી જિલ્લામાં મતદાર જાગૃતિ માટે રેલી યોજાઈ

નવસારી

મતદાર જાગૃતિ અને મતદાર કેળવણી અભિયાન (સ્વીપ) અંતર્ગત નવસારી જિલ્લાની પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની ૬૩૪ જેટલી શાળાઓ ૭૫૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ ધ્વારા પદયાત્રા રેલીનું આયોજન શાળાની આજુબાજુ એક કિલોમીટરના વિસ્તારના હાથમાં મતદાર જાગૃતિ અંગેના બેનર અને પ્લેકાર્ડ લઈ સુત્રોચ્ચારો સાથે કરવામાં આવી હતી. પદયાત્રા રેલીમાં જિલ્લા નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર.એમ.ચૌધરી ખાસ ઉપસ્થિત રહી મતદારોને મત આપવા અપીલ કરી હતી.

૨૬-વલસાડ(અ.જ.જા) બેઠકના મતદાન માટે મતદાર સ્લીપનું વિતરણ



વલસાડ

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ની ૨૬-વલસાડ(અ.જ.જા) બેઠક માટેની તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ થનાર ચૂંટણી માટે ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર વલસાડ બેઠકના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ મતદારોને ફોટો મતદાર કાપલીનું વિતરણ બુથ લેવલ ઓફિસરો દ્વારા ઘરે-ઘર રૂબરૂમાં પહોંચાડવામાં આવી રહી છે. આ મતદાર કાપલીઓ સાથે મતદારો માટે માર્ગદર્શિકા દ્વારા મતદાન અંગેની વિસ્તૃત જાણકારી સાથે મતદાન મથકે જવા માટેનો નકશો તેમજ મતદારોએ મતદાન મથકે જતા સમયે રાખવાની કાળજીઓ તેમજ અન્ય સૂચનાઓ પણ પ્રદર્શિત કરીને મતદારોને અગત્યની માહિતી મતદાર કાપલીમાં આપવામાં આવી છે.

મતદાનના દિવસની કામગીરી અંગે કર્મચારીઓને ઓબ્ઝર્વરની તાલીમ

મતદાન પૂર્વે મોક પોલ યોજી કર્મચારીએ ફોર્મ નં.૧૭ ફરજીયાત ભરવું

નવસારી

જિલ્લા ચૂંટણી અધિકારી ડો.એમ.ડી.મોડીયા અને જનરલ ઓબ્ઝર્વરશ્રી મનિષસિંઘની ખાસ ઉપસ્થિતિમાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે માઈક્રો ઓબઝર્વરશ્રીઓની તાલીમ યોજાઈ હતી.

ભારતના ચૂંટણીપંચ દ્વારા જાહેર થયેલા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે તા.૨૩ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ ૨૫-નવસારી લોકસભા મતવિસ્તારમાં યોજાનારા મતદાનના દિવસે ભારતનાં ચૂંટણીપંચની સીધી સૂચના અને માર્ગદર્શિકા મુજબ માઈક્રો ઓબઝર્વર દ્વારા કરવાની થતી કામગીરી સંદર્ભે પ્રાથમિક જાણકારી સાથે જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

માઈક્રો ઓબ્ઝર્વરશ્રીઓએ તેમના નોડલ ઓફિસરના સંકલન અને પરામર્શમાં રહીને તેમની ફરજો સંબંધી વાજબી રજૂઆતોનો યોગ્ય ઉકેલ અને નિકાલ આવે તે જોવા જનરલ ઓબ્ઝર્વરશ્રી મનિષસિંઘે અનુરોધ કર્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારી ડો.એમ.ડી. મોડીયાએ મતદાનનાં દિવસે ફરજ ઉપરનાં માઈક્રો ઓબ્ઝર્વરશ્રીઓએ ભારતનાં ચૂંટણીપંચની સૂચના અને માર્ગદર્શિકા મુજબ મતદાન શરૂ થતાં પહેલાં મોકપોલ યોજવું, મોકપોલ વખતે રાજકીય પક્ષોનાં એજન્ટોની હાજરી, બેઠક વ્યવસ્થા, ફોર્મ નં- ૧૭ (ક) માં નોંધણી, મતદારોની ઓળખ બરાબર થાય છે કે કેમ ? મતદાનની ગુપ્તતા જળવાય છે કે કેમ? મતદાન મથકમાં ખ્લ્ઝ નું લીસ્ટ એટલે કે, ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ પામેલ મતદારોની યાદી ઉપલબ્ધ છે કેમ? વગેરે બાબતો સહિત મતદાન મથકની અંદર બનતી ઘટનાઓ અને ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવા ઉપરાંત મતદાન મથકની બહાર અવાર-નવાર જઈને બહારની પરિસ્થિતિનો અંદાજ રાખવા અને જો કોઈ પગલાં લેવાની જરૂર જણાય તો તુરંત જ તે બાબતનો રિપોર્ટ કરવો, સાંજે મતદાન પૂર્ણ થવાના સમયે મતદાન મથક ખાતે લાઈનમાં ઉપસ્થિત રહેલાં તમામ મતદારોને છેલ્લા ક્રમથી ટોકન-સ્લીપ આપવા વગેરે જેવી બાબતો ઉપર ખાસ લક્ષ કેન્દ્રિત કરવાની સમજ આ તાલીમમાં અપાઈ હતી. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.આર. પ્રજાપતિ સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મતદાર ઓળખકાર્ડની અવેજીમાં અન્ય ૧૨ વૈકલ્પિક પુરાવાઓ માન્ય ગણાશે

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત તા.૨૩/૪/૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૭-૦૦ થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે. મતદાન કરતી વખતે દરેક મતદારે પોતાના ઓળખના પુરાવા તરીકે મતદાર ઓળખકાર્ડ રાખવું જરૂરી છે. તેમ છતાં મતદારયાદીમાં પોતાનું નામ હોય અને સંજોગવશાત કોઈ મતદાર પોતાનું મતદાર ઓળખકાર્ડ રજૂ કરી શકે તેમ ન હોય તો ભારતના ચૂંટણીપંચ દ્વારા માન્ય કરાયેલા ૧૨ વૈકલ્પિક પુરાવાઓ પૈકી કોઈ એક રજૂ કરી મતદાન કરી શકશે.

મતદાર યાદીમાં નામ હોય તેવા મતદારો પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, કેન્દ્ર/રાજ્ય સરકાર જાહેર સાહસ તથા પબ્લિક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતા ફોટો સાથેના ઓળખકાર્ડ, ફોટો સાથેની બેન્ક અને પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવતી પાસબુક, પાન કાર્ડ, શ્રમ મંત્રાલયની યોજના અંતર્ગત આપવામાં આવેલા સ્માર્ટકાર્ડ, શ્રમ મંત્રાલયની આરોગ્ય વીમા યોજના અંતર્ગત આપવામાં આવેલા કાડ-સ્વાસ્થ્ય વીમા કાર્ડ, મનરેગા જોબકાર્ડ, ફોટો સાથેના પેન્શન દસ્તાવેજ, સંસદસભ્યો-વિધાનસભ્યો-વિધાન પરિષદના સભ્યો માટે સરકારી ઓળખકાર્ડ અને આધારકાર્ડ જેવા ફોટો દસ્તાવેજી પુરાવાઓ પૈકીના કોઈ પણ એક દસ્તાવેજી પુરાવો રજુ કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાના કીંમતી મતાધિકારનો ઉપયોગ કરી શકશે, એમ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા જણાવાયું છે.

મતદાન અને મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોનના ઉપયોગ ઉપર પ્રતિબંધ

આગામી તા.૨૩મી એપ્રિલના રોજ યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીનું સરળ સંચાલન, તેમજ આચારસંહિતાની સૂચનાઓની ધ્યાનમાં રાખી જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણ દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ મતદાનના દિવસે તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર અને મતગણતરીના દિવસ તા.૨૩/૦૫/૨૦૧૯ના રોજ મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે મતગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ ચુંટણી પ્રક્રિયામાં સંકળાયેલા ચુંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારી તથા ચૂંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યક્તિઓ તથા ચૂંટણી સાથે સંકળાયેલા પોલીસ અધિકારીઓ, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મદદનીશ ચૂંટણી અધિકારી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ તેમજ ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીઓને લાગુ પડશે નહીં.

ભરૂચ જિલ્લાની સંસ્થાઓમાં કામ કરતા શ્રમિકોને મતદાનના દિવસે સવેતન રજા આપવી

ભરૂચ

લોકસભાની સામાન્યય ચુંટણી તથા ૨૧-ઉંઝા, ૯૧-તલાલા. ૬૪-પ્રાંગધા અને ૮૫-માણાવદર વિધાનસભાની મત વિભાગની પેટાચુંટણી - ૨૦૧૯, તા. ૨૩-૦૪-૨૦૧૯. મંગળવારના રોજ યોજાનાર છે.

સને ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વા અધિનિયમમાં સને ૧૯૯૬ ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫(બી) અનુસાર મતાધિકાર ધરાવતી વ્યાક્તિ કોઈપણ ધંધા, રોજગાર, ઔદ્યોગિક એકમો કે અન્યા કોઈપણ સંસ્થોમાં નોકરી કરતાં હોય તો તેમને મતદાનના દિવસે સવેતન રજા આપવાની જોગવાઈ છે.

ઉક્ત જોગવાઈઓ અન્વયે ગુજરાત સરકારના સામાન્યા વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃગસ/૧૦૨૦૧૯/૦૭/જસર/૧૦૨૦૯/૬૦૨/ઘ થી ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૦૮/૦૫/૧૯૬૮ ના જાહેરનામા ક્રમાંકઃ૩૯૧/૬૮/જ.યુડીએલ-૩ સાથે વાંચતા, સને ૧૮૮૧ ના વટાઉખત અધિનિયમ (૧૮૮૧ ના ૨૬ મા) ની કલમ-૨૫ ના ખુલાસાને અનુસારીને ગુજરાત રાજયીમાં તા.૨૩/૦૪/૨૦૧૯, મંગળવારના રોજ રજા જાહેર કરવામાં આવેલ છે. જયાં વટાઉખત અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી નથી તેવી દુકાનો અને સંસ્થાઓ માટે શ્રમ આયુક્તશ્રીની કચેરી, ગુજરાત રાજયત દ્વારા તા.૩૦/૦૩/૨૦૧૯ ના પરિપત્ર ક્રમાંકઃશ્રઆ/૭/૨૦૧૯/લોકસભા વિ.સભા/પ્રેસનોટ/૨૪૯ થી રજા જાહેર કરવામાં આવેલ છે.

રોજમદાર તરીકે કામ કરતાં કર્મચારી/કામદારોના કિસ્સામાં પણ જો તેઓ ફરજ પર હોત અને જે મહેનતાણું/પગાર મેળવત તે મહેનતાણું/પગાર મતદાનના દિવસે મતદાન કરવાની રજા બદલ માલિકે/નોકરીદાતાએ ચુકવવાનું રહેશે. આ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર માલીક/નોકરીદાતા દંડ/શિક્ષા પાત્ર રહેશે જેની સંબંધકર્તા સર્વેએ નોંધ લેવી. આથી ધંધા-રોજગાર-ઔદ્યોગિક એકમ અને અન્યન સંસ્થાઓના માલીકોને જણાવવામાં આવે છે કે તેમના કામદાર/કર્મચારીઓને તા.૨૩/૦૪/૨૦૧૯, મંગળવારના રોજ ચૂંટણીઓ યોજાનાર છે. તેવા લોકસભા મતવિભાગની સામાન્યો ચૂંટણી તથા ૨૧-ઉંઝા, ૯૧-તલાલા. ૬૪-પ્રાંગધા અને ૮૫-માણાવદર વિધાનસભાની મત વિભાગની પેટાચુંટણી -૨૦૧૯ માં સમાવિષ્ટ વિસ્તાનરમાં ઉક્ત૯ દિવસે ચૂંટણીઓમાં મતદાન કરવાના હેતુસર રજા આપવા અધિક મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયા ભરૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગરુડેશ્વર લગ્નમાં જતા વ્યક્તિનું અકસ્માતમાં મોત

ગરુડેશ્વરના માથાવાડીથી ફૂલવાડી ગામે સંબંધીના લગ્નમાં જતા વ્યક્તિને અકસ્માત નડ્યો

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ફૂલવાડી ચોકડી પાસે અકસ્માતમાં બાઈક પર લગ્નમાં જઈ રહેલા વ્યક્તિનું મોત થતા ગમગીની ફેલાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરુડેશ્વર તાલુકાના માથાવાડી ગામમાં રહેતા ગણપતભાઈ દલસુખભાઈ તડવી પોતાની બાઈક નં જીજે ૨૨ જે ૮૭૭૮ લઈ નજીકમાં આવેલા ફૂલવાડી ગામમાં એક સંબંધીને ત્યાં લગ્નમાં જવા નીકળ્યા હતા એ સમયે ફૂલવાડી ચોકડી પર થી ગામ તરફ જવાના રોડ તરફ વળવા જતા પાછળ આવતી ફોર વીલ એસન્ટ ગાડી નં. જીજે ૫ સીઈ ૩૮૦૩ ના ચાલક ધીરભાઈ જીવાભાઈ તારપરા રહે ઉમરા ગામ તા.સાયણ જી.સુરત નાએ પોતાની ગાડી પુરઝડપમા હંકારી લાવી મોટર સાયકલની પાછળ ટકકર મારતા ગણપતભાઈ ફેકાઈ જતા તેમને માથામાં અને શરીરે ગંભીર ઈજા થતા તેમનું મોત થતા સંબંધીને ત્યાં લગ્નની ખુશી માતમ માં ફેરવાઈ હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે .

ભરૂચ તાલુકા પો.સ્ટે.ના હત્યાના ગુનાના આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતી ભરૂચ તાલુકા પોલીસ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના તેમજ તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી. વાઘેલાના માર્ગદર્શન દ્વારા ભરૂચ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૨૪/૨૦૧૯ ૧૨૬ કલમ- ૩૦૨ તથા ૩?૭૪-૧૩૫ મુજબના ગુનાના આરોપી નરેન્દ્ર ઉર્ફે મુન્નો કરશનભાઈ વસાવા રહે-કરમાડ નવી નગરી વ્હાલુ ફળીયુ તા.જી. ભરૂચ નાએ આ કામના ફરીયાદીબેન રેખાબેન કમલેશભાઈ માનસીગભાઈ વસાવા રહે-કરમાડ નવી નગરી વ્હાલુ ફળીયુ તા.જી. ભરૂચ નાઓના પતિ કમલેશભાઈ માનસીગભાઈ વસાવા રહે-કરમાડ તા.જી. ભરૂચ નાઓના માથાના જમણા કાનના ઉપરના ભાગે કુહાડીનો ઘા મારી રોડ ઉપર પાડી દઈ ગંભીર ઈજા પોહચાડી ફરીયાદીના પતિનુ મોત નિપજાવી ગુનો કરી ભાગી ગયેલ. જે આરોપીને પકડવા માટે બાતમીદારોથી બાતમી મેળવી અમો જાતે તથા સ્ટાફના માણસો સાથે આરોપી નરેન્દ્ર ઉર્ફે મુન્નો કરશનભાઈ વસાવા નાને આજરોજ કલાક- ૧૨/૩૦ વાગ્યે મનુબર ચોકડીથી પકડી પાડવામાં આવેલ છે.

હેલંબી ગામ નજીક બે બાઈક સામસામે ભટકાતા કુલ ૩ યુવાનોના મોત , એક ઘાયલ.

એક યુવાનનું ઘટનાસ્થળે, ૧ રાજપીપળા સિવિલમાં અને અન્ય એક નું વડોદરા દવાખાને લઈ જતા રસ્તામા મોત. ભાજપ યુવા મોર્ચાની રેલી માંથી છુટા પડી પરત ફરતા યુવાભાજપ મોર્ચાના એક કાર્યકરનું મોત જયારે બીજો ગંભીર



રાજપીપળા : નાંદોદ તાલુકાના હેલંબી ગામ પાસે બે બાઈકો સામસામે અથડાતા બાઈક સવાર ચારેય ફંગોળાયા જેમાં ત્રણ યુવાનોનું મોત નીપજયું જયારે એક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે વડોદરા ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતને પગલે રાજકીય આગેવાનો અને ગ્રામજનોના રાજપીપા સિવિલ હોસ્પિટલ ખાતે ટોળેટોળા ભેગા થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળાથી ભરચરવાળા, હાજરપુરા,ભુછાડ,ઓરી થઈ ગ્રામ્ય વિસ્તારોમાં યુવા ભાજપ મોર્ચા દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુવાનો ગામેગામ ચૂંટણી પચાર કરતા આગળ વધતા હતા. ત્યારે રેલી પૂર્ણ કરી ભાજપના યુવામોર્ચાનાં કાર્યકરો રાજપીપળા પરત આવતા હતા એ સમયે રાજપીપળા જુનાકોટ વિસ્તાર પાસે રહેતા ૨૨ વર્ષીય અક્ષય ગણપતસિંહ ગોહિલ બાઈક ચલાવતો હતો અને પાછળ રાજપીપા શર્મા કોમ્પ્લેક્સ પાસે રહેતા ૧૮ વર્ષીય ધ્રુવ દશરથ કહાર બેઠો હોય એ નાસ્તો કરવા ઉભા રહ્યા અને નાસ્તો કરી રાજપીપળા આવતા હતા. જયારે બીજી બાજુ પ્રતાપપરા ગામના બે યુવાનો અતુલ નરસિંહ વસાવા, અને પ્રમોદ નગીન વસાવા રાજપીપળાથી કામ પતાવી પરત ઘરે આવતા ત્યારે હેલંબી ગામ પાસે બન્ને બાઈકો ધડાકાભેર અથડાઈ જેમાં બે બાઈકો પર સવાર ચારેય યુવાનો ફંગોળાઈ ગયા ત્યારે આ અકસ્માતમાં પ્રતાપપરાના અતુલનું ઘટના સ્થળે મોત નીપજયું હતું જયારે પ્રમોદને રાજપીપળા સિવિલમાં લાવતા મોત નિપજયું હતું, રાજપીપળાના અક્ષયનું રાજપીપળા થી રીફર કરવામાં આવ્યો જેને વડોદરા લઈ જતા રસ્તામાં ડભોઈ પાસે મોત નીપજયું હતું. જયારે અન્ય ઘાયલ ધ્રુવ કહારને સારવાર માટે વડોદરા ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો..અકસ્માતને પગલે પોલીસે મૃતકના પરિવારજનોની ફરિયાદ લઈ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મૃતક ત્રણ યુવાનો ૧.અતુલ નરસિંહભાઈ વસાવા (૩૦ વર્ષ), પ્રતાપપરા , ૨. પ્રમોદ નગીનભાઈ વસાવા (૨૦ વર્ષ) , પ્રતાપપરા , ૩. અક્ષય ગણપતસિંહ ગોહિલ (૨૨ વર્ષ), રાજપીપળા,જુનાકોટ

એક ગંભીર યુવાન : કહાર ધ્રુવ દશરથભાઈ (૧૮) , રાજપીપળા વડોદરા સારવાર હેઠળ ખસેડાયો છે.

મતદાન માટે ચૂંટણી પંચે માન્ય કરેલા પુરાવાથી મતદાન થઈ શકશે

આહવા

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯એ અનુલક્ષીને આગામી તા.૨૩/૪/૨૦૧૯નાં રોજ રાજય સમસ્તની જેમ ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિસ્તારમાં પણ યોજાનારી ચૂંટણી દરમિયાન, ડાંગના મતદારો ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા મતદાર ફોટો ઓળખકાર્ડ સહિત અન્ય વૈકલ્પિક ફોટો દસ્તાવેજના આધારે પણ મતદાન કરી શકશે.

કોઈક કારણોસર મતદારો મતદાનના દિવસે મતદાર ફોટો ઓળખકાર્ડ રજુ ન કરી શકે તો તેવા સંજોગોમાં ચૂંટણી પંચે જે તે વ્યક્તિનો પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, સર્વિસ ઓળખકાર્ડ (કેન્દ્ર/રાજય સરકાર, જાહેર સાહસ તથા પબ્લિક લિમિટેડ કંપનીઓ), ફોટા સહિતની બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા જારી કરાયેલી પાસબુક, પેન કાર્ડ, સ્માર્ટ કાર્ડ (શ્રમ મંત્રાલયની યોજના અંતર્ગત આપવામાં આવેલ હોય તેવા), મનરેગા જોબકાર્ડ, સ્વાસ્થ્ય વીમા સ્માર્ટ કાર્ડ (શ્રમ મંત્રાલયની આરોગ્ય વીમા યોજના અંતર્ગત આપવામાં આવેલ હોય તેવા), ફોટા સાથેના પેન્શન દસ્તાવેજ, સરકારી ઓળખકાર્ડ (સંસદ સભ્યો, વિધાન સભ્યો, વિધાન પરિષદના સભ્યો), તથા આધારકાર્ડના આધારે પણ મતદાન કરી શકશે તેમ જણાવ્યું છે.

લોકશાહીને મજબૂત કરવાની દિશામાં દેશનો એક પણ મતદાર મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહી અંતર્ગત કોઈ પણ મતદાર ફોટા સાથેની વોટર સ્લીપનો ઓળખના પુરાવા તરીકે ઉપયોગ નહીં કરી શકશે. વોટર સ્લીપ ફક્ત મતદારોના માર્ગદર્શન માટે છે. જેની પણ તમામ મતદારોને નોંધ લેવા જણાવાયું છે.

ત્રીજા ચરણમાં ૧૪ રાજ્યોની ૧૧૫ બેઠકો પર મતદાન યોજાશે

ત્રીજા તબક્કાના મતદાન માટે પ્રચાર પડઘમ શાંતઃ કાલે મતદાન

ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર પ્રચાર પડઘમ શાંત,અમિત શાહ,સંબિત પાત્રા,શશી થરુર,રાહુલ ગાંધી સહિતના દિગ્ગજ નેતાઓના ભાવિ ઈવીએમમાં સીલ થશે,ત્રીજા તબક્કામાં કુલ ૧૫૯૪ ઉમેદવારો મેદાને જેમાં ૧૪૨ મહિલા ઉમેદવાર

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીના બે તબક્કાનું મતદાન પૂર્ણ થયું. હવે ત્રીજા તબક્કાની ચૂંટણી માટે ૨૩ એપ્રિલે મતદાન થવાનું છે. જેથી ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રચારનો આજે અંતિમ દિવસ હતો. આજે સાંજે પાંચ વાગ્યે ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા હતા. ત્રીજા તબક્કામાં ૧૪ રાજયની ૧૧૫ બેઠક પર ૨૩મી એપ્રિલે મતદાન થવાનુ છે. ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૬ બેઠકો સહિત સૌથી વધુ કુલ બેઠકો પર મતદાન યોજાશે.

ત્રીજા ચરણમાં, ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર મતદાન થશે. કેરળમાં ૨૦, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૧૪-૧૪, ઉત્તર પ્રદેશમાં ૧૦, છત્તીસગઢમાં ૭, ઓડિશામાં ૬, બિહાર અને પશ્ચિમ બંગાળમાં પાંચ-પાંચ, આસામમાં ચાર, ગોવામાં બે, જમ્મુ અને કશ્મીર, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ તથા ત્રિપુરામાં એક-એક બેઠક માટે મતદાન થશે.

ત્રીજા તબક્કામાં કુલ ૧૫૯૪ ઉમેદવારો મેદાને છે. જેમાં ૧૪૨ મહિલા ઉમેદવાર છે. ૧૯૫૪ ઉમેદવારો પૈકી ૩૪૦ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જયારે વાયનાડ બેઠક પરથી રાહુલ ગાંધી, અમિત શાહ, અનંતકુમાર હેગડે, સંબિત પાત્રા અન શશી શરૂરનું ભાવિ નક્કી થવાનું છે. ત્યારે આ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં ૧૦ બેઠકો પર થનારા મતદાનમાં ગઠબંધનની મજબૂતી સાથે પારિવારિક સંબંધોની પણ કસોટી થવાની છે. કેમ કે ૧૦ બેઠકમાંથી ૯ બેઠકો પર સપાના ઉમેદવાર મેદાનમાં છે. મુલાયમસિંહ યાદવ, સંતોષ ગંગવાર, આઝમ ખાન, જયાપ્રદા, વરુણ ગાંધી, શિવપાલ યાદવ જેવા દિગ્ગજોની પરીક્ષા થશે.

૫૪૩ બેઠકો માટે કુલ ૭ તબક્કાની ચૂંટણી યોજાવાની છે. ૨૩મી મેએ પરિણામ આવશે. ગુજરાતમાંથી ભાજપના અધ્યક્ષ અમિત શાહ ચૂંટણી લડતા હોઈ આ ત્રીજા તબક્કાની ચૂંટણી ઘણી રસપ્રદ બની છે તેઓ ગાંધીનગરથી ચૂંટણી લડી રહ્યાં છે.

૨૩૦ ઉમેદવારો સામે ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. ૧૪ ઉમેદવારો એવા છે જે દોષિત સાબિત થઈ ચૂક્યા છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (૨જી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847